Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

**અશ્રુબિંદુની તાકાત**

એક અશ્રુબિંદુની તાકાત કેટલી?
પાપોના બેટને ડૂબાડી દે તેટલી.

પૂ. પં. શ્રી યશોવિજયજી ગણી.

*

પુસ્તક : ૮૫
અંક : ૭

વૈશાખ
મે
૧૯૮૮

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૩
વિક્રમ સંવત ૨૦૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નિર્ભય બનો | અભયચન્દ લાલવાની | ૯૭ |
| ૨ | તપની આરાધના | મૂળ પ્રવચનકાર : શ્રી વલ્લભસૂરિજી મ. ગુજ. રૂપાન્તર ; પ્રા કુમારપાળ દેસાઈ | ૯૮ |
| ૩ | શ્રી જૈન ધા. શિ. સંઘનો ૩૯માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે | શાહ રાયચંદ મગનલાલ | ૧૦૮ |
| ૪ | સમાચાર | — | ૧૫૦ |
| ૫ | સમાલોચના | — | ૧૧૪ |
| ૬ | સંસ્થા સમાચાર | — | ૧૧૫ |


## શ્રી જૈન આત્માનંદ સભાના નવા પેટ્રન સાહેબ

## ૧ શેઠશ્રી બચુભાઇ નરોત્તમદાસ વોરા મુંબઈ

**માન્યવર સભાસદ બંધુઓ અને બહેનો,**

આ સભાનો ૯૨મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૪ના પ્ર. જેઠ વદ ૬ ને તા. ૫-૬-૮૮ના રોજ ઉજવવામાં આવશે. આ પ્રસંગે સવારમાં તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠશ્રી મૂળચંદ નથુભાઈ તરફથી પુજા ભણાવવામાં આવશે. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તથા ભાવનગરવાળા શેઠશ્રી નાનચંદ તારાચંદ તથા શેઠશ્રી ધનવંતરાય રતીલાલ છગનલાલ (અંબિકા સ્ટીલવાળા) તથા શેઠશ્રી સલોત ચુનીલાલ રતીલાલ અને તેમના ધર્મ પત્ની અ. સૌ. જસુમતીબેન ચુનીલાલ તથા ભુપતરાય નાથાલાલ શાહ (મહાવીર કોર્પોરેશન દરબારગઢવાળા) અને તેમના માતુશ્રી અજવાળીબેન વચ્છરાજ તરફથી સવારે અને સાંજે ગુરુભક્તિ અને સ્વામીભક્તિ કરવામાં આવશે. તો આપશ્રીને તા. ૫-૬-૮૮ના રોજ સવારના તળાજા પધારવા આમંત્રણ છે તો પધારશોજી.

લી.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

**પીછે હઠ નહિ**

ગઈ કાલ માટે રડતો નથી<br>
આવતી કાલ માટે ડરતો નથી<br>
એ પાછો ફરી પડતો નથી.


'શાન્તિસૌરભ'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભાના નવા પેટ્રન

# શ્રી બચુભાઈ નરોત્તમદાસ વોરાની જીવન ઝરમર



કોઈપણ કાર્યની સિદ્ધિ કરવા માટે આત્મ વિશ્વાસ, શ્રદ્ધા અને દઢ સંકલ્પનું બળ, કેવી સિદ્ધિ પ્રાપ્ત કરે છે એનું સચોટ ઉદાહરણ એટલે શ્રી બચુભાઈ વોરાની જીવન ઝરમર. તેમની એલ. આઈ. સી. ની કામગીરીની પ્રગતિ એ વાતની ગવાહી આપે છે શ્રી બચુભાઇ ભાવનગરના પ્રતિષ્ઠિત વોરા કુટુંબના નબીરા છે. તેમનો જન્મ તા ૧૦-૪-૨૭ ભાવનગરમાં વોરા નરોત્તમદાસ ગોરધનભાઈ ને માતા હરકોરબેનને ત્યાં થયેલો પરંતુ માત્ર દોઢ બે વરસની બાળક વયમાં જ માતા અને પિતાની છત્રછાયા ગુમાવેલી. ત્રણ બહેનો ત્રણ ભાઈમાં એ સૌથી નાનું સંતાન.

આ બાળકને એના મામા શ્રી મણીલાલ પ્રાગજીભાઇ સંઘવી મુંબઈ લાવ્યા. ખૂબ જ હેત અને પ્રેમથી પોતાના જ પુત્ર સમાન ગણી ઉછેર્યો, મોટો કર્યો, ભણાવ્યો, પરણાવ્યો અને જે પ્રેમના અમીપાયા તે મામા અને મામીને લાખ લાખ ધન્યવાદ. મેટ્રીક સુધી અભ્યાસ કરીને સારી વેપારી કંપનીમાં સરવીસ કરી– સ્વમાનથી જીવવાનું પહેલેથી જ એમના સ્વભાવમાં હતું. પણ પોતાના વિકાસ માટે આગળ વધવાની તમન્નાથી મન થનગની રહ્યું હતું.

નોકરીની સાથે પણ શ્રી બચુભાઈને વિમાનું કામ કરવાની ભાવના જાગી–નોકરી છોડીને હિંમતપૂર્વક વિમાના ધંધામાં ઝંપલાવ્યુ. એમનું સંકલ્પ બળ બહુ જ જોરદાર હતું. રોજ અઢાર અઢાર કલાક મહેનત કરે, આરામ હરામ માને, એક જ ધૂન બસ કામ કામને કામ! એમને કામમાં મજા પડતી. જેમ જેમ પુરૂષાર્થ કરતા ગયા તેમ ભાગ્યે પણ યારી આપવા માંડી સને ૧૯૭૫-૭૬માં પોતે એલ.આઈ.સી.ને ૧ કરોડ બે લાખને છન્નુ હજારનું કામ મેળવી આપી રેકોર્ડ કર્યો અને પ્રતિ વર્ષ આગળને આગળ પ્રગતિ કરતા જ ગયા એમના કાર્યને દર વરસે કંપની બીરદાવતી.

આપણા શ્વે. મૂ. જૈન સમાજમાં વળી ભાવનગરના જ વતની અને વોરા કુટુંબની એક વ્યક્તિને આવી સિદ્ધિ પ્રાપ્ત કરે એ ગોરવપ્રદ ગણાય. એમનું ધાર્મિક જીવન પણ આદર્શરૂપ છે. હરહંમેશ પ્રભાતમાં પાંચ વાગે નાહી ધોઇ પતિ–પત્ની બન્ને જિન મંદિરે પૂજા કરવા નિયમિત જાય છે. ભાવ પૂર્વક સેવા કરી પછી નવકારસી પચ્ચક્ખાણ કરે.

જેમ શ્રી બચુભાઇ ધંધામાં કુશળ છે એમ પ્રમાણિકતા, નીતિ વગેરે સદ્‌ગુણોના આગ્રહી છે. અત્યારે એમના પત્ની શ્રીમતી મધુબેન, એક પુત્ર ભાઈ મનિશ તથા ત્રણ પુત્રીઓનું સુખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુટુંબ છે. શ્રી બચુભાઈ ગુપ્ત દાનમાં વિશેષ માને છે અને કોઈપણ દીનદુઃખીના આંસુ લુછવામાં સદાય તત્પર રહે છે. એમનું માર્ગદર્શન ખૂબ જ ઉપયોગી બને છે. વળી પોતે ભારતના બધા જ ભાગમાં તીર્થ યાત્રાઓ કરી છે. ધર્મ પ્રત્યે ઉંડી અને સાચી શ્રધ્ધા ધરાવે છે. સારા પુસ્તકોના વાંચનનો ખૂબ જ શોખ છે

તે કહે છે કે "સાચા દીલથી અને સાચા પુરૂષાર્થથી કાર્ય કરો. પ્રભુ સદાય સહાય કરે છે" શ્રી બચુભાઇને કોઈપણ માણસને ધંધાની લાઇન બતાવવી, ધંધા નોકરીએ ચડાવવો એવી ઉત્તમ ભાવના છે અને તે માટે પ્રયત્નશીલ પણ રહે છે. ઉંડા બુધ્ધિશાળી અને ધાર્યું લક્ષ સિધ્ધ કરવામાં ઓતપ્રોત બની જઈ સિધ્ધિ મેળવ્યા પછી જ નીરાંતે બેસે છે. આવા મહાનુભાવ ભાગ્યશાળી અમારી સભાના પેટ્રન બનવાથી સભા ગૌરવ અનુભવે છે અને આ સભાને સમ્યગ્ જ્ઞાનની પ્રવૃત્તિમાં સદાય સહાયભૂત બનો અને સ્વાસ્થ્ય પૂર્ણ દીર્ઘાયુષ્ય ભોગવે એવી શુભેચ્છા.

શ્રી રાયચંદ મગનલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દતંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ વૈશાખ મે ૧૯૮૮ ● [અંક : ૭

## નિર્ભય બનો

જન્મ જન્મ સે ભટક ભટક કર, માનુષ તન કો પાયા;
કામ કરો કુછ ઐસે બન્ધુ, દાગ ન લગને પાએ,

સાંસ - સાંસ નામ પ્રભુકા લેગા તો કુછ પાએગા;
મિટ્ટીકા તન હૈ યહ, એક દિન મિટ્ટીમેં મિલ જાએગા.

જાના સાથ નહિ કુછ તેરે, ભલા - બુરા સંગ જાયેગા;
નેકી કે નહી કર્મ કરે, જન્મ જન્મ ભટકાએગા.

બાહાર ખોજે મૂર્ખ, પ્રભુકો, વહ અંતરમેં અંતર્યામી;
પૂજા તીર્થ કરતા ફિરતા, ઘટમેં બૈઠા હૈ સ્વામી.

સચ્ચી ભક્તિ કરલે પ્યારે, અગર પ્રભુકો પાના હૈ;
કામ, ક્રોધ, મદ, લોભ છોડ, યદિ શરણુ પ્રભુકી જાના હૈ.

સબસે પ્રેમ કરો મમ બન્ધુ, પલકા નહિ ઠિકાના હૈ;
અભય બનો, ભય કો છોડો, જીવન સફલ બનાના હૈ.

**અભયચન્દ લાલવાની**

( શ્રી અમર ભારતી માર્ચ-એપ્રિલ ૧૯૮૮ માંથી સાભાર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૭ તપની આરાધના

મુળ પ્રવચનકાર : શ્રી વલ્લભસૂરિજી  ગુજરાતી રૂપાન્તર : ડૉ. કુમારપાળ દેસાઈ

**ધર્મ**નું ત્રીજું અંગ છે તપ, તપનું નામ સાંભળીને તમે ગભરાશો નહિ. કારણ કે ખાવું-પીવું બંધ કરવું એ જ તપનો અર્થ નથી. તપ અનેક પ્રકારે થાય છે. તપને ધર્મ માનવામાં આવે છે કારણ કે તપસ્યાથી વ્યક્તિ અને સમાજના જીવનનું ધારણ-પોષણ અને ચિત્ત-શોધન (સંશુદ્ધિ) થાય છે. તપશ્ચર્યા માનવ જીવનને ખોટે રસ્તે જતું અટકાવે છે અને જો જીવનમાં કોઈ ભૂલ, અપરાધ કે દોષ થઈ ગયો હોય તો એની શુદ્ધિ (પરિમાર્જન) કરાવે છે. આ બધા કારણોને લીધે જ તપને ધર્મ કહ્યો છે.

## માત્ર તપો-ધર્મ કેમ નહીં ?

કોઈ એવો પ્રશ્ન કરે કે જો તપ જ ધર્મ છે તો પછી શા માટે માત્ર તપોધર્મની જ વાત કરવામાં આવતી નથી ? દાન, શીલ અને ભાવની વાત કેમ કરાય છે ? આના ઉત્તરમાં હું કહીશ કે દાન, શીલ તપ અને ભાવ- એ ચારેયનું પોતીકું મહત્ત્વ અને ઉપયોગ છે. ધર્મનું અંતિમ ફળ મોક્ષ છે તેમ છતાં કોઈને દાનથી તો કોઇને શીલથી લાભ થાય છે. કોઈ ને તપથી તો કોઈને ભાવથી પ્રાપ્તિ થાય છે. આથી એક વ્યક્તિને જે પ્રકારની આરાધનાથી લાભ થયો એવી જ આરાધનાથી બીજાને એવો જ લાભ થશે એમ કહી શકાય નહિ. વૈદ્ય જુદા જુદા રોગીઓની નાડી જોઇને જેને જેવો રોગ થયો હોય તેવી દવા આપે છે. બધા રોગીઓને એક સરખી દવા સમાન માત્રામાં આપવાથી કોઇ લાભ થતો નથી, કારણ કે રોગ એક નથી પણ અનેક હોય છે. આથી જ વૈદ્ય અનેક પ્રકારની દવાઓ રાખે છે અને તેમાં પણ જુદી જુદી પ્રકૃતિ અને વય અનુસાર એક જ દવા ભિન્ન ભિન્ન માત્રામાં આપે છે. રોગ ભિન્ન ભિન્ન હોય તો દવાઓ પણ જુદી જુદી આપવી જરૂરી છે એ જ રીતે વીતરાગ તીર્થંકર પ્રભુ મહાવીરે વિભિન્ન કર્મરૂપી રોગોના વિભિન્ન ઔષધ બતાવ્યા છે. કોઇને દાનરૂપી ઔષધ લાભકારી હોય છે તો કોઈને શીલ, તપ કે ભાવરૂપ ઔષધ હિતકર હોય છે. જેવો જેનો રોગ એવી એની દવા; વળી રોગીની જેવી પ્રકૃતિ કે રોગની જેવી તીવ્રતા-મંદતા હોય તે મુજબ ઔષધની માત્રા નક્કી થાય. આવી વ્યવસ્થા અત્યંત સુંદર છે. પણ આનો અર્થ એ નથી કે એક સાથે દાન, શીલ, તપનું આરાધન થઇ શકે નહિ. જેવી રીતે એક દર્દીને ઘણા પ્રકારના દર્દ હોય તો વૈદ્ય એને એક સાથે ઘણા પ્રકારની દવાઓ આપે છે. આવી જ રીતે એક સાથે ઘણા પ્રકારના કર્મરોગ કે કર્મરોગ ઉત્પાદક દોષ કર્યા હોય તો દાન, શીલ આદિ ચારેયની એક સાથે આરાધના કરવી આવશ્યક બને છે. ગૃહસ્થને માટે તો પ્રતિદિન ચારેયની આરાધના કરવાનું કર્તવ્યરૂપે દર્શાવાયું છે.

## માનવીને માટે અનિવાર્ય

આ દૃષ્ટિએ તપ માનવજીવન માટે રોજિંદી આવશ્યક બાબત છે. હું રોજ ઉપવાસ કરવાનું કહેતો નથી, પરંતુ અન્ય અનેક પ્રકારના તપ-માંથી કોઈ ને કોઈ પ્રકારનું તપ કરતાં રહેવું જોઇએ. આમ જોઇએ તો એક બીજાને સુખ આપવા માટે અથવા પોતાના કોઈ હેતુને કારણે માનવી કોઇને કોઈ રૂપમાં તપ કરતો હોય છે. બાળકના યોગ્ય ઉછેર માટે એની માતા ઠંડી-ગરમી, ભૂખ-તરસ કે નિદ્રા અને જાગરણ જેવી બાબતો અંગે અનેક કષ્ટ સહન કરે છે. કોઇ વેપારીની દુકાનમાં ઘરાકોની ભીડ જામી હોય કે તિજોરીમાં નાણાની રેલમછેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલતી હોય તો કારખાનાનો માલિક ભૂખ, તરસ, ઊંઘ આદિ અનેક બાબતો સહી લે છે. શું આ તપ નથી? શાસ્ત્ર કહે છે કે આ ઉદ્દેશ સહિત નહિ હોવાને લીધે તેને ધર્માનુબંધી તપ કહી શકાય નહિ. જો આ પણ ધર્મપાલનના ઉદ્દેશથી થાય અને એની પાછળ નામના કે કામનાનો હેતુ ન હોય તો તે પણ ધર્મની કોટિનું તપ ગણી શકાય. એક સામાન્ય દૃષ્ટાંતથી આ વાત સ્પષ્ટ કરીએ.

એક વ્યક્તિ જેલમાં ભૂખ્યો રહે છે અથવા તો એને ઓછું ભોજન આપીને ભૂખ્યો રાખવામાં આવે છે જ્યારે બીજી વ્યક્તિ સ્વેચ્છાએ ભૂખ્યા રહીને પોતાની આત્મશુદ્ધિ માટે ઉપવાસ કરે છે. આ બેમાં જે ભેદ છે તે ભેદ વાસ્તવિક તપ અને ઉપર દર્શાવેલા કાર્યોમાં છે. જેલમાં ભૂખી રહેનાર વ્યક્તિ જેલના કોઈ અધિકારી કે કર્મચારી તરફ દ્વેષ કે રોષ રાખ્યા વિના સમભાવપૂર્વક ભૂખ્યા રહેવાની બાબતને સાહજિક પણે ઉપવાસ માનીને જ સ્વીકારી લે છે. જેલમાં બહુ થોડા કપડાં અને સાધનોનો ઉપયોગ કરીને પૌષધવ્રતનો સ્વીકાર કરે છે તો આ ક્રિયા પણ તપ ગણાય.

કષ્ટ સહેવાની દરેક ક્રિયાને તપ માનવામાં આવે તો નરકના જીવો, પશુપક્ષીઓ અને વૃક્ષોને મહાતપસ્વી કહેવા પડે. કારણ કે આ બધા માનવીઓ કરતાં ઘણું વિશેષ કષ્ટ સહન કરતા હોય છે. આ કષ્ટ સહેવા પાછળ જીવનશુદ્ધિ કે કર્મક્ષયનો ઉદ્દેશ હોતો નથી. વળી તે સ્વેચ્છાથી કે સમભાવપૂર્વક થતું નથી અને એને પરિણામે જ એને ધર્માનુબંધી અથવા સકામ-નિર્જરા-નિષ્પાદક તપ કહી શકાય નહિ. એ તો અકામ-નિર્જરા-નિષ્પાદક હોય છે. અને તે અનિચ્છાથી, અન્યની ઇચ્છાથી તેમજ કષાય આદિયુક્ત હોય છે. એમ તો ડોક્ટર, વિદ્વાન કે એન્જીનીયર બનવા માટે કેટલું બધું કષ્ટ સહન કરવું પડે છે. આ માટે વિદ્યાર્થી અવસ્થામાં સુખસુવિધા છોડવા પડે છે, પરંતુ એમાં સ્વાર્થ હોવાથી એને તપની કોટિમાં મૂકી શકાય નહિ.

## તપનો અર્થ

તપનો અર્થ કોઇ પણ ભોગે ભૂખ્યા રહેવું કે કષ્ટ સહન કરવું એવો નથી, પરંતુ ઉદ્દેશપૂર્વક, સ્વેચ્છાથી સમભાવપૂર્વક પોતાની ઇચ્છાઓને વિવિધ વિષયોમાંથી રોકવી એ તપ છે. આથી જ એક જૈનાચાર્ય કહે છે— "इच्छा निरोधः स्तपः ।" ઇચ્છાઓ પર અંકુશ રાખવો એનું નામ જ તપ છે. માનવીનું મન અત્યંત ચંચળ અને ઉદ્દંડ છે. ક્યારેક એ મેવામીઠાઈ ખાવા ઉત્સુક બને છે, તો ક્યારેક કિંમતી વસ્ત્રો પહેરવા આતુર બને છે, ક્યારેક એને વિમાનમાં બેસવાનું મન થાય છે, તો ક્યારેક આલિશાન બંગલો અને ચમકદાર મોટરની ચાહના રાખે છે. આ મન ક્રોધ, અભિમાન, કપટ અને લોભના ઘોડે ચડીને દોડવા ઇચ્છે છે. મનની ઇચ્છાઓ અનંત છે અને એને કાબૂમાં લેવા માટે તપ સિવાય બીજો કયો માર્ગ હોઈ શકે?

તમે કહેશો કે અમારી પાસે ધનસંપત્તિ છે, સાધનસંપન્ન છીએ પછી મનની ઇચ્છાઓ પર અંકુશ રાખવાની જરૂર શી? આનો જવાબ એ છે કે આમાં મનને દબાવવાનું કે મારવાનું નથી, પણ મનને સાધવાનું છે. માની લો કે આજે તમારી પાસે અઢળક ધનસંપત્તિ અને વિપુલ સુખ-સાધન છે. આવતીકાલે આમાંનું કંઇ નહિ હોય તો એવી સ્થિતિમાં તમે કરશો શું? તમે દુઃખી થશો. શોકમગ્ન રહેશો અને જેમ તેમ જિંદગી ટૂંકી કરશો. જો પહેલેથી જ તમને તપનો અભ્યાસ હોય તો આવી સ્થિતિને અનાયાસ ધર્મપાલન-તપ-નો અવસર માનીને સ્વેચ્છાથી સમભાવપૂર્વક ગરીબીને કારણે આવેલા ભૂખ, તંગી અને સાધનોના અભાવને સહન કરી લેશો. અને આવી અવસ્થામાં પણ આનંદ અને મસ્તીથી જીવશો. આનો અર્થ એવો નથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે તમે પુરુટાર્થ છોડીને પગ વાળીને બેસી રહેશો. ગરીબીને દૂર કરવા માટે ન્યાયોચિત ધર્મયુક્ત પુરુષાર્થ જરૂર કરશો, પરંતુ તમે પોતે પોતાની સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબીમાં તમને જે આનંદ આવશે તે અદ્ભુત હશે અને તે જ તપસ્યાનો સાચો આનંદ ગણાય. હાય-હાય કરીને કોઈ મુશ્કેલી સહન કરવાને બદલે કે તંગી કે અભાવથી પીડિત થઈને ભાગ્યને દોષ દેવાને બદલે સ્વતંત્રતાપૂર્વક ઉપભોગ કરી શકાના બધા સાધન અને અવસર તમને પ્રાપ્ત થશે. આવે સમયે આ બધી બાબતો પર સ્વેચ્છાથી નિયમન કરવાની સાધના કરશો તો તમને બેવડો લાભ થશે. કષ્ટ સહન કરવાનો તમારો અભ્યાસ વધશે. તંગી કે અભાવનો સમય પણ મસ્તીથી ગુજારવાની આદત પડશે. વળી સ્વેચ્છાએ સમભાવપૂર્વક તપ કરવાને લીધે ધર્મનો લાભ પણ મળશે. આ ઉપરાંત એક વિશેષ લાભ એ થશે કે જેઓ અછતગ્રસ્ત છે, સાધન વિહીનતાને કારણે દુઃખી છે એમની પ્રત્યે આત્મીયતા અને હમદર્દી વધશે. એમના દુઃખોનો સાચો ખ્યાલ આવશે અને પછી યથાશક્તિ કરૂણાભાવથી પ્રેરિત થઈને એમને સહાયતા પણ કરશે. મોટર બંગલામાં રહેનારા તેમજ રાત-દિવસ આનંદ-પ્રમોદમાં મશગુલ હોય એમને માટે ભાગે બીજાના દુઃખોની જાણ હોતી નથી.

આમ તપ એટલે વ્યક્તિ પોતે પોતાની જાતને સ્વેચ્છાથી અને સમભાવપૂર્વક તપાવે તે. આથી તપનું એક લક્ષણ આવું છે—

"रसरुधिरमांसमेदोऽस्थिमज्जाशुक्राण्येनन तप्यन्ते ।

कर्माण्यशुभानीत्यतस्तपो नाम तैरुक्तम् ॥"

"એના દ્વારા શરીરગત રસ, લોહી, માંસ, ચરબી, મજ્જા અને વીર્ય તપાવવામાં આવે છે. અશુભ કર્મોને પણ તપાવવામાં આવે છે. અને તેથી એનું નામ તપ રાખવામાં આવ્યું છે."

કોઈ વ્યક્તિ માખણમાંથી ઘી બનાવવા ઇચ્છતી હોય અને કચરો, મેલ તથા છાશના અંશને જુદો કરવા માગતી હોય તો એ શું કરશે ? એ વાસણને અગ્નિ પર રાખીને બરાબર તપાવશે જેથી માખણ પીગળે, આવી જ રીતે જીવનરૂપી માખણમાંથી કષાય, કામ, વિષયવાસના તેમજ તેમાંથી જન્મેલા કર્મોના મેલને દૂર કરીને શુદ્ધ આત્મગુણ રૂપી ઘી કાઢવા માટે ઉપવાસ વગેરે તપના અગ્નિની આંચથી શરીર, ઇન્દ્રિયો અને મન રૂપી વાસણને તપાવવામાં આવે છે. આ રીતે શરીર આદિ તપવાથી કર્મોનો કચરો અને વિષય કષાયોની વિકૃતિ જુદા પડી જાય છે. આત્મા શુદ્ધ, તેજસ્વી, બળવાન અને ગુણ સમૃદ્ધ બને છે.

## તપનું પ્રયોજન

તપનું નામ સાંભળતા જ તરત જ આપણે સંસ્કાર અનુસાર એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ કે એથીયે વધુ અઠ્ઠાઈ, માસખમણ વગેરેનો વિચાર કરવા લાગીએ છીએ. કોઈ માણસ માત્ર આહાર છોડી દે કે પાણી છોડી દે એટલે એ ક્રિયાને તપ કહેવાની આપણને ટેવ પડી ગઈ છે. જેઓ ઘણા દિવસના ઉપવાસ કરે એને આપણે તપસ્વી કહીએ છીએ. અહીં પ્રશ્ન એ થાય છે કે માત્ર ભોજન-ત્યાગ એ જ તપનું મૂલ્ય છે કે પછી તપનું મૂલ્ય જુદું છે ?

ભોજન-ત્યાગ કરવાથી તો માત્ર શરીર પર જ કષ્ટ આવે છે. એની અસર શરીર પર જ થાય છે અને તે કમજોર અને શિથિલ બને છે.

હું તમને પૂછું છું કે જે જીવન આપણને મન. બુદ્ધિ, ઈન્દ્રિયો અને ચેતનાની સાથે શરીરના રૂપમાં મળ્યું છે એને ભૂખતરસથી મારી નાખવામાં જ તપનું મૂલ્ય રહેલું છે ? બિચારા શરીરનો કે શરીરના હાથપગ જેવા અંગોનો શો દોષ કે અપરાધ છે ? અપરાધ તો શરીરની અંદર રહેલા મન, બુદ્ધિ અને હૃદયમાં વસતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય છે. કામ, ક્રોધ, માન, માયા, લોભ; વિષય-વાસના અને એમાંથી પેદા થતા અશુભ કર્મ જેવા વિકારો તો શરીરની અંદર આવેલા મનમાં હોય છે તો પછી આ શરીરને આટલું તપાવવાનો અર્થ શો?

સાપ દરમાં પેસી ગયો હોય અને તમે દર પર સતત લાકડી મારો તેમાં કોઈ અક્કલની વાત નથી. દરમાં પેસી ગયેલા સાપને બહાર કાઢવા માટે બેચાર લાકડી મારીને અવાજ કરો એ તો સમજી શકાય, પરંતુ સતત લાકડી મારવાથી પરિસ્થિતિ એ આવશે કે દર તૂટી જશે પણ સાપ નહિ નીકળે આવી રીતે આપણા હૃદય કે મનરૂપી દરમાં વિકારોના જે સાપ પેસી ગયા છે એને બહાર કાઢવા માટે માત્ર શરીરરૂપી દર પર ગમે તેટલા પ્રહાર કરશો તો પણ કશો અર્થ નથી. અંદરના વિકારોને બહાર કાઢવા માટે તો શરીરને તપાવવું પડશે. પણ માત્ર શરીરને સતત તપાવે જવું એ જ તપ નથી. શરીર એ માટે તપાવવામાં આવે છે કે કામ, ક્રોધ, વિષયવાસના જેવા વિકારો અતિ સ્થૂળ અને ગાફેલ શરીરમાં પ્રવેશીને પોતાનો અડ્ડો જમાવે છે. એ શરીર તપાવવાથી થોડા દબાઈ જાય ખરા. આથી ઇન્દ્રિયોને વિકારની મોહ-જાળમાંથી છોડાવવા માટે તેમજ વિકારની ગતિ પર નિયંત્રણ કરવા માટે શરીરને તપ દ્વારા કૃશ કરવામાં અને કસવામાં આવે છે. શરીર, ઇન્દ્રિયો વગેરે બાહ્ય સાધનોને તપથી તપાવવાને કારણે અંદર બેઠેલા વિકાર પ્રગટ થાય છે. અને દુર્બળ તથા વિકારાધીન બનેલો આત્મા પછી સબળ અને સ્વાધીન થઈને એની સાથે પૂરેપૂરો ઝઝુમી શકે છે.

જેમ મેલ વાસણ પર હોતો નથી. પરંતુ એમાં રાખેલા માખણ સાથે મળી ગયેલો હોય છે. આમ છતાં વાસણને એ માટે ગરમ કરવામાં આવે છે કે એની ગરમીથી અંદરનો મેલ જુદો પડે અને એને બહાર કાઢી શકાય આવી જ રીતે શરીર રૂપી વાસણને પણ ઉપવાસ વગેરેથી એ માટે તપાવવામાં આવે છે કે એની અંદરનો કર્મ વિકારરૂપી મેલ છૂટો પડીને બહાર કાઢી શકાય.

શરીરને માત્ર સૂકવી નાખવું એનું નામ તપ નથી, પરંતુ શરીરની સાથે આત્માનું પતન કરનારા રાગ-દ્વેષ, કષાય, વિષયવાસના આદિ વિકારો છે એમને સૂકવી નાખવા એ તપ છે. જૈન ધર્મ એમ કહેતો નથી કે શરીરને તદ્દન નિર્બળ, અશક્ત અને પંગુ બનાવી દો કે જેથી કોઈ વખત દુ:ખ આવે કે થોડી વધુ ઠંડી, ગરમીના સપાટાનો અનુભવ થાય તો તેને એ સહન ન કરી શકે. સહેજ ધક્કો મારતાં જ એ ગબડી પડે કે પોતાનું જીવનકાર્ય કરવ ની યોગ્ય ક્ષમતા ન હોય તેવું શરીર જોઇએ નહિ. વળી તપશ્ચર્યા પછી શરીર નિર્બળ અને હતાશ બનીને સાવ ખોખલું થઈને પરાધીન અને રોગાધીન થઈ જાય એવું પણ કહેતો નથી. આ તો શરીરને મારવાની વાત છે, સાધવાની નહિ.

આમેય આ શરીર એક દિવસ તો મૃત્યુ પામવાનુ જ છે, નષ્ટ થવાનું છે. આગમાં એને ભસ્મીભૂત થવાનું છે. એક દિવસ જે ચોક્કસ મરવાનું છે એને મારવામાં કઈ મોટી બહાદુરી? બહાદુરી તો એમાં છે કે અમર એવા આત્મા સાથે લાગી ગયેલા કષાયો, વાસનાઓ અને વિકારો સામે લડવું અને એને દૂર કરવા. જીવનભર એવો સાધક અંતિમ સમયે અનશન કરે છે ત્યારે જૈન પરિભાષામાં સંલેખના (સંથારો) કહેવામાં આવે છે. આ સમયે શરીરને ઉપવાસથી ઉપવાસથી કૃશ કરવાને બદલે રાગદ્વેષ, કષાય, વાસના આદિ વિકારોથી પહેલા કૃશ કરવું પડે છે. આ વિષયમાં એક ઉદાહરણ જોઈએ.

જૈન ધર્મના એક ગચ્છના કોઈ સાધુએ આમરણ અનશન (સંથારો) ગ્રહણ કર્યો હતો. ભક્તોને આની ખબર પડતા એમનું સન્માન કરવા માટે દોડી આવ્યા. દર્શનાર્થીઓ ઉમટી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડયા. વિશાળ માનવમેદની અને એ સાધુની વધતી પ્રતિષ્ઠા જોઇને એક બીજા સાધુએ પોતાના ગુરુ સમક્ષ જઈને વિનંતી કરી, "ગુરુદેવ! મને પણ આમરણ અનશન (સંથારો) કરવાની રજા આપો."

"ના વત્સ, હજી તું એને યોગ્ય બન્યો નથી." ગુરુએ સ્નેહભાવથી કહ્યું.

શિષ્યએ પૂછયું, "તો ગુરુદેવ હું કયારે આને યોગ્ય બનીશ?"

ગુરુએ ઉત્તર આપ્યો, "પહેલા બાર વર્ષ તપ કરીને સાધના કર. આત્માને વશ કર પછી તું આને યોગ્ય બનીશ."

ગુરુની આજ્ઞાને શિરોધાર્ય કરીને પેલા સાધુએ ઉપવાસ શરૂ કરી દીધા. બાર વર્ષ સુધી તપ કર્યું. એનું શરીર સાવ સુકાઇ ગયું. હાડકાંનો માળો બની ગયું. એ ઊઠતો કે બેસતો ત્યારે હાડકાંનો કટકટ અવાજ થતો. શિષ્યએ જોયું કે હવે સમય પાકી ગયો છે તેથી ગુરુની પાસે જઇને નમ્ર વિનંતી કરી.

"ગુરુદેવ, બાર વર્ષની મારી તપસાધના પૂરી થઈ છે. હવે હું પૂરો યોગ્ય બની ગયો છું. હવે મને સંથારો (આમરણ અનશન) કરવાની આજ્ઞા આપો."

ગુરુએ કહ્યું, "વત્સ, હજી યોગ્યતા મેળવવામાં થોડું બાકી છે."

"હવે શું બાકી રહ્યું છે ગુરુદેવ?" આમ કહીને એ સાધુએ તરત જ પોતાની આંગળી વાળીને તોડી નાખી.

ગુરુએ કહ્યું, "વત્સ, તારા શરીરને તો તે ખૂબ સૂકવી નાખ્યું છે. હવે તો માત્ર હાડપિંજર જ રહ્યું છે, પરંતુ હજી સુધી તું એમાં રહેલા રાગ દ્વેષ, વિષય, કષાય, વાસના આદિ કર્મ-શત્રુઓનાં જનકને સૂકવી નાખ્યા નથી દૂર કર્યા નથી. સંથારામાં તો સહુ પહેલાં એ બધાને સૂકવી નાખવા જોઈએ. આથી જ હું તને કહી રહ્યો છું કે તું આને માટે યોગ્ય બન્યો નથી"

અંતે પેલો શિષ્ય ફરી વિષય-કષાયોને કૃષ કરવાની સાધનામાં તલ્લીન થઇ ગયો.

આનો અર્થ જ એટલો કે માત્ર શરીરને તપાવવાથી કે સૂકવી દેવાથી તપશ્ચર્યાનો હેતુ સિદ્ધ થતો નથી. શરીરની અંદર રહેલા ઉપદ્રવી રાગદ્વેષો, કષાયો અને વિષયવાસનાને તપાવવામાં આવે. એને દાનોપાણી આપવાને બદલે નિરાહાર રાખવામાં આવે ત્યારે જ તપસ્યાનું વાસ્તવિક લક્ષ પૂર્ણ થાય છે. આમ શરીરને ખતમ કરવું, ખૂબ ઝડપથી એનો અંત લાવવો કે પછી શરીરને અતિ દુર્બળ બનાવીને પરાધીન નીષ્કર્મણ્ય કરવું એ તપ નથી.

પુરાણકાળના કેટલાંક તપસ્વીઓની કથા ઉવવાઇ (ઔપપાતિક) સૂત્રમાં મળે છે. આ તપસ્વીઓ જળસમાધિ લેતા કે પહાડના શિખર પરથી નીચે ઝંપલાગતા અથવા તો અગ્નિસ્નાન કરતા હતા. કોઈને કોઇ રીતે અગાઉથી મૃત્યુની તૈયારી કરીને તેઓ શરીરને નષ્ટ કરતાં હતા. તેઓ વિચારતાં હતાં કે આ જગતમાં જીવવાથી જ પાપવૃદ્ધિ થાય છે. શરીરને માટે અનેક પાપ કરવા પડે છે એને પરિણામે જીવનમાં જુદા જુદા પ્રકારે કલેશ, સંઘર્ષ અને દુઃખ આવે છે. કયાંય શાંતિ સાંપડતી નથી. પરિણામે પાપના ઉદ્‌ગમ-સ્રોત જેવા શરીરને જ નષ્ટ કરીને શીઘ્ર આવા સંસારમાંથી મુક્તિ મેળવી લેવી જેથી પછીના જીવનમાં શાંતિ સાંપડે.

આવા પ્રકારના તપ કે બહાનાઓ કાઢવા અથવા તો કોઈ અત્યંત દુઃખી થઇ આત્મહત્યા કરે એ બે વચ્ચે શો ભેદ? બંનેની નજર તો આ સંસારમાંથી છૂટીને પછીના જન્મમાં શાંતિ મેળવવા પર હોય છે. જૈન ધર્મ આવા તપનું કયાંય સમર્થન કરતો નથી. જૈન શાસ્ત્રો આવા તપને બાલતપ (અજ્ઞાનપૂર્વક કષ્ટ સહેવું) કહે છે. જે કર્મોથી કે જન્મ-મરણની ઘટમાળથી મુક્તિ આપતું નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવા તપથી આત્માનું કલ્યાણ થતું નથી. આ શરીરને આ દુનિયામાંથી નષ્ટ કરીને દૂર કરશો તો બીજા જન્મમાં પણ એ કોઈને કોઈ રૂપમાં મળવાનું જ છે. એમાં આનાથી પણ વધુ દુઃખ, ક્લેશ કે પાપ આવશે તો પરેશાની ઘણી વધી જશે. આથી એવો સિદ્ધાંત રાખવો જોઈએ કે અમે શરીર, ઇન્દ્રિયો, મન આદિની સાધના કરીશું એને મારી નાખીશું નહિ.

## શરીર, મન અને ઇન્દ્રિયોની સાધના

તપથી શરીર, મન અને ઇન્દ્રિયોની કસોટી કરીને એને કાબુમાં લેવા જોઈએ એવો ઉદ્દેશ સ્પષ્ટ થયા પછી સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન થાય કે એમના પર કઈ રીતે કાબૂ મેળવી શકાય. તપથી આપણે એમને બેકાબૂ થતાં રોકવા છે. એમને નિયંત્રણમાં રાખવા છે અને એમના પર શાસન કરવું છે. આપણે ઇચ્છીએ એ રૂપે જ આપણું શરીર, મન, ઇન્દ્રિયો આદિ રહી શકે અને દુઃખભરી વિકટ સ્થિતિમાં પણ આપણે સુખ, સંતોષ અને આનંદનો અનુભવ કરી શકીએ. ઠંડી હોય કે ગરમી ભુખ હોય કે તરસ, સાધનાનો અભાવ હોય કે સંકટોની ભરમાર હોય ગમે તેવી પરિસ્થિતિમાં આપણું મન, ઇન્દ્રિય અને શરીર આપણા અનુચર બનીને રહે. વિકટ પરિસ્થિતિના ગુલામ નહિ પણ માલિક બનીને રહી શકીએ. કોઈક દિવસ એવો પણ ઊગે કે ખાવાનું મળે કે ન મળે. પરંતુ આપણા શરીર અને મનની એવી મક્કમ તૈયારી હોય કે શરીર અને મનની ગુલામીમાં રડી રડીને જીવન પસાર કરવાને બદલે ભૂખ-તરસને મસ્તીથી સહન કરી લઇશું. ખાવાની લાલસામાં ન્યાય કે અન્યાયનો વિચાર કર્યા વિના ખોટી દોટ મૂકીશું નહિ. શરીર અને મનની આવી તૈયારી હોય તો કોઇ પણ કષ્ટ, દુઃખ, રોગ કે આફતનો સામનો સમભાવપૂર્વક કરી શકીશું. આવી સ્થિતિનું સર્જન એ જ તપનું વિશેષ પ્રયોજન છે.

આવી રીતે શરીર બરાબર સજ્જ અને કસાયેલું હશે તો તપસાધક કામ, ક્રોધ, વાસના આદિ મનના વિકારો સામે લડીને એને પરાજીત કરીને હાંકી કાઢશે. પોતાના ભૂતકાળના અશુભ કર્મોને પણ તપથી કસાયેલા મન અને શરીર દ્વારા દૂર કરશે. આથી જ કહ્યું છે—

'तवसा धुणइ पुराणपावगं'

'તપથી પ્રાચીન એટલે કે પૂર્વકૃત પાપોને ક્ષીણ કરો.'

સિદ્ધચક્ર (નવપદજી)ની પૂજામાં તપપદની પૂજાના પાઠમાં એમ કહેવાયું છે—

'जिनजो ने दीनी म्हांने एक जडी ।
एक भुजंग पंच विष नागन सूंघत तुरत मरी ॥
समता संवर परगुण छारी, समरस रंग भरी ।
अचल समाधि तपपद रमता ममतामूल जरी ॥'

'વીતરાગ પ્રભુએ પોતાના અનુભવના આધાર પર (કર્મો અથવા વિકારોનો રોગ મટાડવા માટે) આપણને એક અદ્‌ભુત જડીબુટ્ટી આપી છે જેને સૂંઘતા જ એક ભયંકર નાગ (મન) અને પાંચ નાગણીઓ (પાંચ ઇન્દ્રિયો) મૃત્યુ પામી. આ જડીબુટ્ટી છે તપ. એના પ્રભાવથી આત્મા, સમતા સંવર અથવા પરગુણગ્રહણથી યુક્ત બનીને તેમજ (કષ્ટ, આફતો આદિમાં) સમતારસથી રંગાઇને અચલ સમાધિમાં લીન થઈ જાય છે. અને જેનાથી શરીર આદિ પર રહેલું મમતાનું મૂળ જ ભસ્મ થઈ જાય છે.'

અહીં ઇન્દ્રિયો અને મન મરી જવાનો અર્થ અંકુશિત થવું કે વશ થવું તે છે અથવા તો એનો જોર ઓગળી જવું તે છે જૈન ધર્મની ભાષામાં કહું તો ઇન્દ્રિયો અને મન સધાય જવા તે છે.

શરીર ઇન્દ્રિયો અને મનને તપ દ્વારા કઈ રીતે સાધી શકાય ? આનું એક દૃષ્ટાંત જોઈએ.

એક ધનાઢ્ય શેઠની પત્ની મૃત્યુ પામી. એમને એક જ પુત્ર હતો. એ વિવાહ યોગ્ય





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતાં કોઇ ખાનદાન કુટુંબની છોકરી સાથે શેઠે એના લગ્ન કર્યા, પરંતુ કમનસીબે લગ્ન પછી એમનો પુત્ર મૃત્યુ પામ્યો. બિચારી છોકરાના ભાગ્યમાં પતિસુખ જોવાનું નહોતું. આ દુઃખી છોકરી પોતાનું મન હળવું કરવા માટે પોતાને પિયર ગઈ. પિયરમાં આખી જિંદગી પસાર કરી શકે તેમ નહોતી, કારણ કે એનું ખરું સ્થાન તો સાસરું જ હતું. આવો વિચાર કરી એ સાસરે આવી. એના સસરા માત્ર ધનાઢ્ય જ નહિ બલ્કે વિવેકી અને ધર્મપરાયણ હતા. તેઓ પોતાની પતિવિહીન વિધવા પુત્રવધૂની મનઃસ્થિતિને બરાબર સમજી શકતા હતા. એમણે વિચાર્યું, "આના પર ધાક જમાવીને કે એને કડવાં વેણ કહીને દુઃખી કરીશ તો એના આત્માને ખૂબ આઘાત લાગશે અને કદાચ એવી અસહ્ય પરિસ્થિતિ સહન નહિ કરી શકતા એ આત્મહત્યા પણ કરી બેસે. આથી એને એવી રીતે આ ઘરમાં રાખવી જોઈએ જેથી એનું મન આ ઘરમાં ડૂબેલું રહે અને કુળપરંપરા અનુસાર ધર્મમાં એનું ચિત્ત લાગેલું રહે.

"એક દિવસ તક જોઈને પોતે પોતાની પુત્રવધૂને કહ્યું.

"દીકરી આ લે ચાવીઓ. આજથી તું ઘરની માલિક છે. ઘરની તમામ ચીજવસ્તુઓ પર તારો અધિકાર રહેશે. તારી ઈચ્છા મુજબ એનો તું ઉપયોગ કરજે. તારે ખાવા-પીવા, પહેરવા-ઓઢવા વગેરે માટે જે કંઈ જોઈએ તે મંગાવી લેજે. પણ એક વાતનું ધ્યાન રાખજે કે તારા જીવનમાં તારાથી એવું કોઈ વર્તન ન થાય કે જેનાથી તારા પિયર પર કે અમારા પર કલંક લાગે અને સમાજમાં નીચાજોણું થાય"

પુત્રવધૂએ આનો સહર્ષ સ્વીકાર કર્યો. ઘરની માલિક બનવાથી એ ઘણી ખુશ હતી. ઘરની વ્યવસ્થાની બધી જ જવાબદારી એના માથે આવવાથી ધીરે ધીરે એનામાં ગંભીરતા આવતી ગઈ. ઘર અને પડોશના બધા જ લોકો એને આદરપૂર્વક બોલાવતા હતા. પોતાના સુંદર અને ઉદાર સ્વભાવને કારણે એને બધાની ચાહના મળી. માતાની માફક એ સહુનું પાલન-પોષણ કરવા લાગી. સસરા તરફથી તો એ નિશ્ચિત હતી. વળી ખાનપાનની બધી સગવડતાઓ મળી હતી અને તમામ પ્રકારની મોકળાશ હતી. પરિણામે એ ઉત્સાહભેર પોતાના કાર્યો કરતી હતી. ધીરે ધીરે એ પોતાનું વૈધવ્યનું દુઃખ પણ ભૂલી ગઇ.

આજે વિધવાઓની સ્થિતિ ઘણી ખરાબ છે. ઘરના લોકોને એ આંખમાં કણાની માફક ખૂચે છે. કેટલાંક જોહુકમીવાળા લોકો તો ઘરની વિધવા સ્ત્રીની મિલકત અને એના હકની જમાન-જાયદાદ પણ હડપ કરી જાય છે અને ઘરેણાં પણ પચાવી પાડે છે. એને રાત-દિવસ હેરાન-પરેશાન કરીને અને જોરજુલમથી એની પાસે ખૂબ કામ કરાવીને એના બદલામાં હડધૂત કરીને રોટલાનો ટુકડો આપે છે અને કોઈ પણ પ્રકારે એને ઘરમાંથી ચાલ્યા જવા માટે કે આત્મહત્યા કરવા માટે મજબૂર કરે છે. એના વૈધવ્યની પીડા શાંત કરવાને બદલે ઘા પર મીઠું ભભરાવીને એની પીડા અને વેદનાને વધારે છે. એ બિચારી મનોમન દુઃખ સહન કરતી રહે છે અને તક મળતાં અનાચાર કે સ્વચ્છંદાચારના રસ્તે જતી રહે છે.

આવો અધમ માર્ગ લેવા માટે જો કોઇ સહુથી વધુ જવાબદાર કે દોષિત હોય તો તેની સાથે દુર્વ્યવહાર કરનારા એના ઘરના લોકો જ છે. આવી વિધવા બહેનોને સ્નેહથી અને સન્માન પૂર્વક સમાજસેવા, બાળશિક્ષણ, ગૃહઉદ્યોગ કે સાર્વજનિક કાર્યોમાં કામ કરવાની તક આપવામાં આવે તો એ સમાજસેવિકા કે સાર્વજનિક કાર્યકર્તા બનીને સમાજની અનુપમ સેવા કરી શકે છે. પોતાનું જીવન પણ સુંદર અને સાધનામય બનાવી શકે છે તેમજ આર્થિક દૃષ્ટિએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વાવલંબી બનીને ગૌરવપૂર્વક જીવન પસાર કરી શકે છે. પણ આવું વિચારનારા છે કેટલા? યાદ રાખો! જો આ શીલમૂર્તિ વિધવાદેવીઓને દુઃખી કરી છે તો એમના અંતરની આહ ભભૂકી ઉઠશે અને એ આહ આખાય સમાજનો વિનાશ કરી દેશે.

શેઠે તો દીર્ઘદૃષ્ટિથી વિચારીને પોતાની વિધવા પૂત્રવધૂને સુંદર રીતે જીવન પસાર કરવાની સ્વતંત્રતા આપી હતી. પરંતુ અત્યંત સુખ-સુવિધા હોય, વિલાસી ખાનપાન હોય, તમામ પ્રકારની આઝાદી હોય, પણ જો જીવનમાં તપ ન હોય, જીવનને તપની કસોટીએ કસવામાં ન આવ્યું હોય તો મનુષ્યને ખોટા માર્ગે જતા વાર લાગતી નથી. અત્યધિક સુખ સુવિધા પર તપનો અંકુશ ન હોય તો જીવન પર જોખમ રહે છે. વળી આ વિધવા સ્ત્રીની ઉંમર પણ ઘણી મોટી નહોતી. પોતાની જવાબદારી બજાવતી હોવા છતાં એના પર યુવાનીના કામોન્માદે પોતાનો પ્રભાવ પાડવાનું શરૂ કર્યું. આરંભમાં તો એણે પોતાની જાતને સંભાળી લીધી પરંતુ જયારે ઉન્માદની ઉત્કટતા વધવા લાગી ત્યારે એણે મનોમન વિચાર્યું,

'કોઇક એવો ઉપાય શોધી કાઢું કે જેથી મારી કામવાસના શાંત થાય અને મારા કુળની આબરૂ સચવાય રહે. જો આ વાત બહાર ફેલાય તો બંને કુળને કલંક લાગે અને નીચાજોણું થાય. આનાથી બહેતર તો એ કે ઘરમાં જ આવી કોઇ ગોઠવણ કરી લેવી."

માનવી જયારે મલિન વિચારોના રસ્તે ચાલે છે ત્યારે એની બુદ્ધિ પણ એના અધમ વિચારોને આચરણમાં મૂકવા માટે સાચી-ખોટી અનેક યુક્તિઓ સુઝાડે છે. શેઠની વિધવા પુત્રવધૂએ પોતાના દુષ્ટ વિચારને અમલમાં મૂકવા માટે એક યુક્તિ વિચારી લીધી અને બીજા જ દિવસે પોતાના વૃદ્ધ સસરાને વિનંતી કરી,

"પિતાજી! આપણો રસોઇયો અત્યંત વૃદ્ધ થઇ ગયો છે. એને પૂરૂં દેખાતું પણ નથી રસોઈ બનાવવામાં પણ એને ખૂબ મુશ્કેલી પડે છે તેથી આજથી જ હું આ જૂના રસોઇયાને છુટ્ટો કરૂં છું. તમે આજે જ તપાસ કરીને કોઈ યુવાન રસોઇયાને લઈ આવો."

શેઠ અનુભવી હતા. એમની બુદ્ધિ જીવનની ઘણી તડકી-છાંયડીના અનુભવોથી પકવ બનેલી હતી. પુત્રવધૂની વાત સાંભળતાં જ તેના હાર્દને સમજી ગયા પણ એને ઠપકો આપવા કે ધમકાવવાને બદલે શેઠે પોતાનું આત્મ નિરીક્ષણ કર્યું. તેઓ વિચાર કરવા લાગ્યા,

"ઓહ, આ મારી જ ભૂલ છે. આટલી સુવિધા અને આટલી બધી સગવડ આપવાની સાથોસાથ શરીર, ઇન્દ્રિય અને મન પર સ્વૈચ્છિક અંકુશ રાખનારા તપની એને તાલીમ આપી નહિ. આવું કર્યું હોત તો આવી સ્થિતિ ઊભી થાત નહિ. મારે જ મારી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. જેનાથી એને તપની તાલીમ મળે અને મનના મલિન વિચારો દૂર થાય."

શેઠે પોતાની વણિક બુદ્ધિનો ઉપયોગ કર્યો, પુત્રવધૂને સ્નેહભરી વાણીમાં કહ્યું, "દીકરી! આજે તો એકાદશી છે. મારે તો ઉપવાસ છે, આજની રસોઈનું કામ તું સંભાળી લે. કાલે બીજા રસોઇયાની તપાસ કરીશ."

વહુએ પોતાનો સમભાવ બતાવતા કહ્યું, "પિતાજી! આપને ભોજન કરાવ્યા વિના હું પણ નહિ જમું. હું પણ આજે ઉપવાસ કરીશ."

શેઠે એને પ્રોત્સાહન આપતા કહ્યું, "બેટી! જેવી તારી ઇચ્છા સંસ્કારી વહુનો આ જ ધર્મ છે."

આ બિચારી પુંત્રવધૂએ ક્યારેય ઉપવાસ નંહોતો કર્યો. પણ હવે તે બંધાઇ ચૂકી હતી.

શેઠે એના શરીર અને મન પર થતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપવાસની પ્રતિક્રિયાને જોઇ રહયા હતા, કારણ કે શરીર અને મનને સાધવા માટે એને જરૂરી હોય તેટલું તપ કરાવવા માંગતા હતા,

બીજે દિવસે જોયું તો એક દિવસ ભૂખ્યા રહેવા છતાં એના શરીર પર કોઈ ખાસ અસર થઈ નહોતી. શરીરની ચરબી ઘટી નહોતી. તેથી એમણે પુત્રવધૂને કહ્યું,

"આજે અમુક તીર્થંકરનો જન્મ કલ્યાણક દિવસ છે. આથી હું આજે પણ બીજો ઉપવાસ કરીશ."

આ સાંભળીને તરત જ વહુએ કહ્યું, "હું પણ આજે બીજો ઉપવાસ (બેલા) કરીશ."

શેઠે એની વાત પર પ્રશંસાના ફૂલ ચડાવતાં બોલ્યા, "તારા જેવી કુલીન સ્ત્રીઓ જ ધર્મને સમજે છે."

ત્રીજા દિવસે શેઠે વળી બીજા કોઇ તીર્થંકરનો જન્મ કલ્યાક દિવસ કહીને ત્રીજો ઉપવાસ (તેલા) કર્યો. વહુએ પણ ઉત્સાહ પૂર્વક તેલા કર્યો. શેઠ વહુના શરીર પર થતાં પરિવર્તનને જોઈ રહયા હતા. ચોથા દિવસે ચતુર્દશી હતી આથી શેઠે કહ્યું.

"આજ તો ચતુર્દશી છે. મારે તો આજ પણ ભોજન કરવું નથી આજે હું ચોથો ઉપવાસ કરીશ."

વહુએ કહ્યું, "તો હું પણ આજે ભોજન નહિ કરું."

શેઠે વહુની પ્રશંસા કરતાં કહ્યું, "દીકરી તારા જેવી ધર્માત્મા સ્ત્રીઓના પ્રતાપે જ આ પૃથ્વી ટકેલી છે,"

પાંચમાં દિવસે હતી પૂર્ણિમા શેઠજીએ કહ્યું "હું આજે પારણા નહિ કરું કારણ કે આજે તો પર્વનો પવિત્ર દિવસ છે."

બિચારી વહુએ કયારેય તપ કર્યું નહોતું. ત્રીજા દિવસે એનું શરીર શિથિલ થયું. ડગમગવા લાગ્યું. ચોથા દિવસે તો સૂઈ જ રહી. કબીરજીએ સાચું જ કહ્યું છે –

"न कुछ देखा ज्ञान-ध्यान में, न कुछ देखा पोथी में ।
कहे कबीर सुनो भाइ साधो, जो कुछ देखा राही में"

આથી જ ઉપનિષદો કહે છે, "अन्नं वै प्राणाः" (અન્ન એ જ પ્રાણોનો આધાર છે) અન્ન વિના અકળાતી હતી. આથી તો કહેવત છે કે 'अन्नियो कूदे अन्नियो नाचे' એટલે કે અન્નના આધારે જ માનવી તાગડધિન્ના કરે છે અને અનેક ધમાલ-ધાંધલ મચાવે છે. અન્ન મળે નહિ તો બધું જ બંધ થઇ જાય. આમ છતાં વહુએ સાહસ કરીને કહયું,

"તો પિતાજી આજે હું પણ કોઈ પણ સંજોગોમાં ભોજન લઈશ નહિ"

પુત્રવધૂ પાંચ દિવસથી ભૂખી હતી. શરીર અને ઇન્દ્રિયો શિથિલ થતાં એનું મન પણ શાંત થઇ ગયું. મનને ખોરાક આપનાર ઇન્દ્રિયો અને શરીર છે. એના મનની ભીતરમાં કામવાસનાના જે અધમ વિચારો હતા એ ચાલ્યા ગયા. સાચે જ માનવી જ્યારે સ્વેચ્છાએ ભૂખ્યો રહે છે ત્યારે એના મન અને મગજમાંથી અશુદ્ધિ અળગી થઈ જાય છે અને વિશુદ્ધ ચિંતનધારા પ્રગટે છે. આ પુત્રવધૂના દિલ અને દિમાગમાં જાગેલા મલિન વિચારો પાંચ ઉપવાસના પ્રભાવથી કયાંય ચાલ્યા ગયા અને એને બદલે શુદ્ધ ભાવધારા વહેવા લાગી.

"હે પ્રભુ! હું કેવી દુષ્ટ છું! મારા સસરાજીએ બધા જ સુખસાધન, સ્વતંત્રતા અને અધિકાર આપ્યા પરંતુ એના પર મેં તપથી અંકુશ મૂકયો નહિ અને મારા મનમાં કુળને કલંકિત કરે એવા નીંદનીય વિચારો જાગ્યા. ધિક્કાર છે મને ! મને તપની તાલીમ આપવા માટે મારા સસરાને પાંચ ઉપવાસનું કષ્ટ સહન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવું પડયું, હવે સવાર થતાં જ એમની પાસે જઇને મારા મનનો અપરાધ પ્રગટ કરીને ક્ષમા માગી લઈશ. ”

બીજી બાજુ સવાર પડતાં જ સસરાએ પુત્રવધૂને કહ્યું, ‘દિકરી ! આપણે બને પાંચ-પાંચ ઉપવાસ કરી ચૂકયા છીએ આજે છઠ્ઠો દિવસ છે. મારું શરીર શિથિલ થઇ ગયું છે. આજે તું ગમે તેમ કરીને રસોઇ કરી નાખ. પારણું કર્યા પછી હુ કોઇ જુવાન રસોઈઆને શોધી લાવીશ.’

વિધવા પુત્રવધૂએ નમ્રભાવે પ્રણામ કરતાં કહ્યું, પિતાજી, મારે હવે યુવાન રસોઇયાની જરૂર નથી.’

‘કેમ દીકરી એવું તે શું થયું ? તું શા માટે ના પાડે છે ?’ સસરાએ કહ્યું.

પુત્રવધૂ બોલી, ‘પિતાજી, આપે મને પાંચ ઉપવાસ દ્વારા તપની તાલીમ આપી. એને પરિણામે મારા મનના કુવિચાર નષ્ટ થઈ ગયા. આપ ધર્મપિતા છો એટલે આપનાથી મારા મનની કોઈ વાત હું છૂપાવીશ નહિ. તપના અંકુશના અભાવને લીધે હું કામવાસનાના વિચારોના પ્રવાહમાં વહી ગઇ હતી અને એ જ વાસનાગ્રસ્ત વિચારોની પૂર્તિ માટે મેં યુવાન રસોઇયાને લાવવાનું કહ્યું હતું, કામવાસના પર વિજય મેળવવાનો મારી પાસે કોઈ ઉપાય નહોતો, પરંતુ હવે એ ઊપાય જડી ગયો છે. મારે માટે આપને પાંચ ઉપવાસ કરવા પડયા એની મને ક્ષમા આપો.’

આમ આંસુ સારતાં સારતાં પુત્રવધૂ સસરાને પગે પડી.

સસરાએ આશ્વાસન આપતાં કહ્યું, ‘દિકરી આ તો મારી ભૂલ હતી કે મેં તને પહેલાં જ તપની તાલીમ આપી નહિ. તું તો અનુભવી નહોતી. આથી જે કંઈ બન્યું તેને માટે કંઇક અંશે હું જવાબદાર છું. તું મને ક્ષમા આપ અને હવે તારા પર તપરૂપી અંકુશ રાખીને ધર્મમાં દૃઢ બની રહે.’

એ દિવસથી જ પુત્રવધૂએ પોતાના શરીર, મન અને ઈન્દ્રિયોને તપના માધ્યમથી સંયમમાં લેવા પ્રયાસ કર્યો. સાદું ભોજન લેવાનું શરૂ કર્યું અને વચ્ચે વચ્ચે કયારેક ઉપવાસ, આયંબિલ જેવા તપ પણ કરવા લાગી.

આ છે શરીર, મન, ઇન્દ્રિય આદિને સાધવાનો અચૂક ઉપાય.

એક અત્યંત ચપળ અને તરવરાટવાળો ઘોડો છે. એની ચાલ ખૂબ ઝડપી છે. એ ઘણો મજબૂત અને સ્ફૂર્તિવાળો છે. એને કાબૂમાં લેવા માટે જો તમે સખત માર મારીને એનું કચૂંબર કરી દેશો તો શું તમે ઘોડાની લાશ પર સવારી કરશો ? વિવેકી પુરુષ તો ઘોડાને કાબૂમાં લેશે. એની ગતિ બરાબર કરવા માટે એને તાલીમ આપશે. આવી જ રીતે શરીરને મારવાની, પીડવાની કે દમવાની અપેક્ષાએ તપની તાલીમ આપીને અંકુશમાં રાખવું જોઇએ. આમ થાય તો જ તપની સાચી આરાધના થાય.

સ્થળ : જૈનભવન, બીકાનેર તા. ૨-૮-૪૮

## અહંકાર અને પવિત્રતા

અહંકાર આફતનું પ્રવેશ દ્વાર છે.

પવિત્રતા પતિષ્ઠાનું પ્રવેશ દ્વાર છે.

‘શાન્તિ સૌરભ’



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘનો ૩૯ માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે સમ્યગ જ્ઞાનના અભિલાષીઓનું સ્વાનુભવચિંતન આચાર સંહિતા

લેખક :- રાયચંદ મગનલાલ શાહ

શાસનપતિ મહાવીર પરમાત્માના જન્મ કલ્યાણકનો પરમ પવિત્ર દિવસ હતો. આજથી ૩૮ વરસ પહેલા ધાર્મિક પાઠશાળાઓના આગેવાનો, કાર્યકરો, વિદ્વાનો, વિચારકો, ચિંતકો અને ઉત્સાહી ભાઈઓ પાઠશાળાઓ અંગે વિચાર કરવા ભેગા મળ્યા. અનેક વિચાર વિનિમય પછી આ શુભ અને મંગળમય દિવસે આ સંસ્થાની સ્થાપના કરી હતી.

જે વખતે દાનેશ્વરી શ્રીમાન શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, શાસનરત્ન શેઠ શ્રી રમણભાઈ દલસુખભાઈ શ્રોફ, ધર્માનુરાગી શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી, વિદ્વાન ધર્મપ્રેમી શ્રી ફતેચંદ ઝવેરભાઈ, શ્રી કેશવલાલ નગીનદાસ, શ્રી મોહનલાલ ચોકસી, શ્રી મનસુખલાલ તારાચંદ શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી, શ્રી મનસુખલાલ હેમચંદ સંઘવી, શ્રી ધીરજલાલ ટોકરશી વિગેરે મહાનુભાવો આ મીટીંગમાં હાજર હતા અને આ સંસ્થાની સ્થાપના કરી હતી.

તે સમયમાં મોટા ભાગની જૈન વસતી પ્રોપર મુંબઈમાં હતી. ત્યારબાદ પરાઓમાં વસવાટ વધવા માંડયો, પૂજ્ય ગુરૂ ભગવંતોના ઉપદેશો અને જરૂરિયાતો વધતાં પરાઓમાં ઠેરઠેર જિન મંદિરો, પાઠશાળાઓ, આયંબીલ શાળા, ભોજન શાળા ઈત્યાદિ ધાર્મિક સંસ્થાઓ થવા માંડી. દિન પ્રતિદિન વસતી વધતી ગઈ તે. વખતમાં જૈનોની વસતી જે પચાસ હજાર હતી તે સંખ્યા અત્યારે વધીને પાંચ લાખ થયાનું મનાય છે.

આ સંસ્થાનો ઉદ્દેશ ત્વે મૂ જૈનોના બાળકો અને બાળાઓ મોટી સંખ્યામાં ધાર્મિક જ્ઞાનના જ્ઞાતા બને, આચાર-વિચારમાં સાચા શ્રાવક બને, સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરીને સારા સંસ્કારી બને, ન્યાય નીતિ પ્રમાણિકતા જેવા ગુણો ધારણ કરી સદ્ગુણી બને, શાસનના રસીયા બને અને એમાંથી સાચા શ્રધ્ધાળુ સમકિત્તવંત આદર્શ શ્રાવક બને.

અને એ માટે જૈન સંસ્કૃતિ, પંચ પ્રતિક્રમણ, જીવ-વિચાર, નવતત્વ, દંડક, લઘુસંગ્રહણી, ત્રણ ભાષ્ય છ કર્મગ્રંથ તત્વાર્થસૂત્ર, બ્રહદ્સંગ્રહણી, ક્ષેત્ર સમાસ, કમ્મ પયડી આદિ સૂત્રો, ગુજરાતી જુની ગુજરાતી, સંસ્કૃત પ્રાકૃત ભાષાઓ જ્ઞાની ગુરૂદેવોએ આપણા ઉપર અનંત ઉપકાર કરીને રચેલા સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, સ્તોત્રો, કથા સાહિત્ય ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, ઇત્યાદિનું જ્ઞાન પ્રાપ્ત કરીને વિદ્વાન પંડિતો બને, જૈન ધર્મના ઉંડા અભ્યાસી બને.

વળી શિક્ષક-શિક્ષિકાઓ અને બાળકોની બુદ્ધિનો વિકાસ કરવા વકતૃત્વ કળા, લેખન કળા, કાવ્ય પ્રેમ, સાહિત્ય પ્રેમ, જ્ઞાન પ્રત્યેની અભિરૂચી ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તે માટેની લગની પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો, આપણો ભવ્ય ભૂતકાળ, ઇતિહાસ મહાપુરૂષોના જીવનચરિત્રોની જાણકારી આપણા પૂજ્ય મહાત્માઓ કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજી, મહાકવિવર શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી શ્રી માનતુંગ-સૂરીજી, મહાયોગી શ્રી આનંદઘનજી, યોગીરાજ શ્રી ચિદાનંદજી. પંડિત શ્રી વીરવિજયજી મ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સા. આદી મહાન શાસનના જ્યોતિર્ધરોની વિપુલ જ્ઞાનગંગા અમૃતપાન કરવા સમર્થ બને,

એને માટે અભ્યાસીઓમાંથી વિદ્વાન શિક્ષક શિક્ષિકાઓ પાકે, સેવા અને સમર્પણ ભાવથી પોતે જ્ઞાની બને બીજાઓને બનાવે. બાળકોમાં સંસ્કારોનું સ્થાપન કરે, ધર્મને જીવનમાં અપનાવવા હંમેશા પ્રયત્નશિલ રહે. વહેવારમાં પણ ધર્મને વણી લે, અપનાવે, આચરે અને જગતમાં જૈન તરીકેની; શ્રાવક તરીકેની શાન વધારે.

આ બધા માટે એને અનુરૂપ પાઠય પુસ્તકો તૈયાર કરાવવા અને પ્રગટ કરવા, બાળકોને રસ પ્રગટે, ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરે, એવું બાલ સાહિત્યથી માંડીને છેક ઉચ્ચ પ્રકારના તત્વજ્ઞાન સુધીના પાઠય પુસ્તકો પ્રગટ કરી મોટા પાયા ઉપર અભ્યાસીઓ પકાવવા. બાળકો સાચા જ્ઞાની બની જીવન પણ પવિત્ર બનાવે, સ્વ પરના હિત વિશ્વના કલ્યાણ માટે પણ પોતાના જ્ઞાનનો ઉપયોગ કરે, સમ્યગ્ જ્ઞાનનેજ પોતાની સાચી સંપત્તિ માને,

આ કાર્યને પ્રોત્સાહન આપવા પૂરતા પ્રયાસો કરવા પૂ ગુરૂ ભગવંતોની નિશ્રામા માર્ગદર્શન પ્રાપ્ત કરવા પ્રચાર અને પ્રસાર કરવા સંસ્થાના કાર્યવાહકો તથા પ્રચારકો વિવિધ પ્રકારે પ્રોત્સાહન આપવા માટેના પ્રયત્નો તન, મન અને ધન દ્વારા કરે.

મિથ્યાત્વમાંથી છોડાવનારી અને સમક્તિને પ્રાપ્ત કરાવનારી જૈન ધાર્મિક પાઠશાળાઓ જિન શાસનનું અંગ છે. આ ધર્મ આત્માનો ધર્મ છે. આત્માના કલ્યાણ માટે અજરામર પદની પ્રાપ્તિ માટે, પાઠશાળા પ્રથમ પગથિયું છે-સમ્યગ્ જ્ઞાન એ આત્માનો ગુણ છે સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે સમ્યગ્ જ્ઞાન એજ મુખ્ય સાધન છે એની વિના બધું જ અંધારૂં છે-જ્ઞાન એ દીપક છે. જ્યોતિ છે આવું પરમ શ્રેષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરવું-કરાવવું-અનુમોદવું એ જ્ઞાનાવરણીય કર્મ બંધનથી મુકત થવા, કર્મની નિર્જરા કરવા અને અનંતા અનંત ભવોનું ભવભ્રમણ ટાળી અનંત અક્ષય સુખને દેનારૂં છે.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘની સ્થાપના આવા ઉદ્દેશ માટે આવી ભાવના સાથે કરવામાં આવી હતી.

આ ઉદ્દેશને પહોંચી વળવા ૩૮ વરસમાં માનદ્ કાર્યકરોએ શું શું કર્યું છે? શું શુ કરવાનું છે? એનો વિચાર કરી આત્મમંથન આજના દિવસે અવશ્ય કરે! જે કાંઇ કર્યું હોય તો એની અનુમોદના કરે અને પ્રમાદને વશ બની ન કર્યું હોય, ફરજ ન બજાવી વફાદારીમાં ખામી રહી હોય, જે કાંઈ ન્યૂનતા રાખી હોય તે બધાનું આત્મસાક્ષીએ સરવૈયુ કાઢે. સંઘના પ્રત્યેક કાર્યકરની અંતરની ભાવના-સમજણ સંસ્થાના હેતુઓ ઊદ્દેશોનો અમલ કરવા, પૂરતો પુરૂષાર્થ કરવા માટેની જ હોવી જોવે.

સંસ્થાના કાર્યકર-પ્રચારક માનદ હોય કે પુરસ્કાર યુકત હોય પણ તેની ભાવના નિઃસ્વાર્થ સેવા કરીને પોતાના જ્ઞાનાંતરાય કર્મનો નાશ કરવાની અને પોતાના જ્ઞાનગુણને પ્રગટ કરવાની જ હોવી જોવે. જ્ઞાન-દર્શન અને ચારિત્ર ત્રણે આત્માની લક્ષ્મી છે. આ લક્ષ્મી મૃત્યુ પછી પણ આત્માની સાથે જ આવે છે-ભવોભવ સાથે રહેનારી છે માટે બીજા યશ કીર્તિ કે ભૌતિક લાભો પ્રત્યે મોહ ન પામતા જ્ઞાનરૂપી સંપત્તિ અને વીતરાગની વાણી મળી છે એનો આપણે બધા સ્વકલ્યાણને માટે આ સંસ્થા દ્વારા પ્રસાર કરીને પ્રયત્ન કરીએ એવી આ પવિત્ર માગણી ઓગણચાલીશમાં વર્ષે પ્રભુ પાસે માગીએ, પ્રાર્થના કરીએ અને હે પ્રભુ! અમે ભૂલેચૂકે પણ બીજી ભ્રાંતીમાં ન પડીએ એવી અમારી રક્ષા કરજે! પ્રભુ! તમે બતાવેલ માર્ગથી અમો મોહપાશમાં પડી ચલિત ન થઈએ એવી અમને શક્તિ આપજે! બળ આપજે! પ્રભુ તમે બતાવેલ કર્મના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધાંત પ્રત્યેની શ્રદ્ધામાંથી અંશમાત્ર અમે ચલિત ન થઈએ! યશ, કીર્તિ, માનપાન અને ચાંદની માયા અમને ફસાવી ન જાય, અમારી જવાબદારી અમે પૂરેપૂરી અદા કરીએ એવું અમને બળ આપજે! કરોડોની કીંમતના ચિંતામણી રત્નથી અધિક સમ્યગ્ જ્ઞાનરૂપી રતનને સ્વાર્થમાં–મોહમાં-માયામાં લોભમાં અંધ બનીને ભૂલેચૂકે પણ પથરો માની કાગડો ઉડાડવા ફેંકી ન દઈએ એમ અમને ચેતતા રાખજે!! અંતમાં એ જ ભાવના ભાવું છું કે હે પ્રભો! ભવોભવ તારી વાણી, તારૂં પ્રરૂપેલુ સમ્યગ્ જ્ઞાન મળતું રહે અને અંતમાં પંચમ જ્ઞાન-કેવળજ્ઞાનના અધિકારી વહેલામાં વહેલી તકે બનીએ એ જ પ્રાર્થના!!

"જૈન સાહિત્ય શિક્ષણ પત્રિકા" માંથી સાભાર

# સમાચાર

## માઉન્ટ આબુ અચલગઢમાં નિઃશુલ્ક આધ્યાત્મિક જ્ઞાન શિબિર

પરમપૂજ્ય યુવક જાગૃતિ પ્રેરક–૨૧ આધ્યાત્મિક જ્ઞાન શિબિરના પ્રવચનકાર અનુયોગાચાર્ય પન્યાસ શ્રી ગુણરત્ન વિજયજી મ. સા. તથા શ્રી મુનીરત્ન વિજયજી મ. સા. (ભાવનગરવાળા)ના શુભ સાનિધ્યમાં તા. ૧૯-૫-૮૮ થી તા. ૩-૬-૮૮ સુધી ૧૬ દિવસની નિઃશુલ્ક (વિના મૂલ્યે) આધ્યાત્મિક જ્ઞાન શિબિર થશે તેનું આયોજન શ્રી આધ્યાત્મિક જ્ઞાન કેન્દ્ર-૪૪, ખાડીલકરરોડ મુંબઇ ૪૦૦ ૦૦૪ મારફત કરાવવામાં આવશે તેમા કર્મવાદ જૈન તત્વજ્ઞાન–જૈન ઇતિહાસ–મનોવિજ્ઞાન–આત્મા–પરમાત્મા ધ્યાન આદિનું શિક્ષણ આપવામાં આવશે.

(૧) જમવાનુ તેમજ રહેવાનું વિના મુલ્યે (૨) આબુરોડ સુધી જવા આવવાનું ભાડુ (સેકન્ડ ક્લાસ) દેવામાં આવશે (૩) હીન્દી માધ્યમ મારફત શિક્ષણ (૪) મૌખિક તેમજ લેખીત પરીક્ષા અને તેમાં પહેલા નંબરે ઉતીર્ણ થનારને રૂા. ૧૫૧/– ઈનામ અને બીજા શિબિરાર્થીઓને યથા યોગ્ય પારીતોષિક (૫) પારીતોષિકમાં શિલ્ડ ટ્રોફી તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે (૬) ધોરણ નવથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે. ઈચ્છા ધરાવનાર વિદ્યાર્થીઓએ કોઈપણ એક સરનામેથી પ્રવેશપત્ર મંગાવી પ્રવેશ મેળવી લેવો. સ્વીકૃતી વગર પ્રવેશ આપવામાં આવશે નહીં.

શ્રી કીર્તિભાઈ જી. શાહ. વડવા ચોરા ખીજડાવાળીશેરી, સોનીફળીયા સામે, ભાવનગર ૩૬૪૦૦૧

आध्यात्मिक ज्ञान शिक्षण केन्द्र
C/o. अभयकुमार जेढमलजी बेलापत
जैन मन्दिर स्ट्रीट, सिरोही (राज) पिन : 307001



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વણથંભી વિકાસ યાત્રા

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ઓંતેરમી વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં સંસ્થાના મિશ્રીમલ નવાજી જૈન સભાગૃહમાં મળી હતી. આ સભાનું પ્રમુખ સ્થાન શ્રી શાંતીલાલ ટી. શાહે શોભાવ્યું હતું.**

**આર્થિક પાસું**

સંસ્થાના ટ્રસ્ટી અને મંત્રી શ્રી જે. આર. શાહે ૧૯૮૬-૮૭ ના વર્ષનો આવક-ખર્ચનો હિસાબ અને સરવૈયું રજૂ કર્યું હતું તે અનુસાર વર્ષ દરમિયાન રૂા. ૩૬ ૩૩ લાખનો ખર્ચ અને રૂા. ૩૪·૫૭ લાખનો આવક થઈ હતીપરિણામે રૂા. ૧.૭૬ લાખની ખાધ રહી છે. વર્ષ દરમિયાન વિદ્યાલયની મિલકતની ચોખ્ખી આવક રૂા. ૪.૪૪ લાખની થઈ, જે સંસ્થાની આવકનું મહત્વનું પાસુ છે. વિદ્યાલયની કુલ મિલકત રૂા. ૧૪૭૬૮૮૬૯-૭૩ ની છે.

**વાર્ષિક અહેવાલ**

સંસ્થાના મંત્રી શ્રી સેવંતીલાલ કે. શાહે વર્ષ દરમિયાન થયેલી કાર્યવાહીનો અહેવાલ રજૂ કર્યો. તે અનુસાર આ સંસ્થાના મુંબઈમાં ઓગસ્ટ ક્રાંતિ માર્ગ પર અને અંધેરીમાં, મહારાષ્ટ્રમાં, પૂના, અને ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, વલ્લભ વિદ્યાનગર અને ભાવનગરમાં વિદ્યાથી ગૃહો છે. આ બધા વિદ્યાર્થીગૃહોમાં આર્ટસ, સાયન્સ, કોમર્સ. મેડિકલ, એન્જીનિયરિંગ અને અન્ય ઉચ્ચ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતાં કુલ ૫૪૦ વિદ્યાર્થીઓ હતા. તેમાંથી ૧૨૩ વિદ્યાર્થીઓ સ્નાતક થયા અને ૧૧૧ વિદ્યાર્થીઓ અધૂરા અભ્યાસે છૂટા થયા. સરેરાશ પરિણામ ૮૧.૪૭ % રહ્યું નવા વર્ષમાં કુલ ૬૫૨ વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવ્યો, જેમાં ૧૮૦ લોન, ૬૨ હાફ પેઈંગ, ૧૯૬ પેઈંગ અને ૨૧૪ ટ્રસ્ટ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે

**કન્યા છાત્રાલય સ્કોલરશિપ**

વર્ષ દરમિયાન ૯૦ વિદ્યાર્થીઓને રૂા. ૫૫૪૦/- ની સ્કોલરશિપ આપવામાં આવી અને નવા વર્ષમાં ૮૩ વિદ્યાર્થીઓ-બહેનો માટે રૂા. ૪૪૬૦૦/- મંજુર કરવામાં આવ્યા.

**લોન અને લોન રિફંડ**

સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડતા કોલેજ અને યુનિવસી ટી પરીક્ષા ફી લોન રૂપે આપવામાં આવે છે. આ સંસ્થાની ઇ. સ. ૧૯૧૫ માં સ્થાપના થઈ ત્યારથી આજ સુધીમાં કુલ રૂા, ૧.૩૮ કરોડની લોન આપવામાં આવી. તેમાંથી અત્યાર સુધીમાં રૂા. ૮૨.૯૭ લાખ રિફંડ મળ્યું. આ રકમ બાદ જતાં વિદ્યાર્થીઓ પાસે રૂા. ૫૪.૯૦ લાખ બાકી રહે છે. પ્રતિ વર્ષ રૂા. પાંચ લાખનું સરેરાશ રિફંડ મળે જે વિદ્યાલયની આવકના (વાર્ષિક) ૨૫ % જેટલી થવા પામે છે.

**જિનાગમ અને સાહિત્ય પ્રકાશન**

વિદ્યાલય માત્ર ઉચ્ચ શિક્ષણની સંસ્થા નથી. તેના ઉપક્રમે મૂળ આગમ ગ્રંથ પ્રકાશનનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામ હાથ ધરવામાં આવ્યું, આ પ્રકાશન શ્રેણી અન્વયે જ્ઞાતાધર્મકથાંગ સૂત્રનું મુદ્રણ પૂરું થવામાં છે અને જ્યોતિષ્કરંડક સૂત્ર પણ ટૂંક સમયમાં પ્રકાશિત થશે. આ ગ્રંથમાળાના સંપાદક પૂ જંબુવિજયજી મહારાજ છે.

શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળામાં આ વર્ષે વાચક ઉમાસ્વાતિ કૃત 'પ્રશમરતિ' (અનુવાદ અને વિવેચન સ્વ. મોતીચંદ કાપડિયા) અને સ્વ. મોતીચંદ કાપડિયા લિખિત 'જૈન દૃષ્ટિએ કર્મ'નું પ્રકાશન થયું છે. શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ સ્મારક નિધિ અન્વયે 'સામયિક સૂત્ર'નું મુદ્રણ કાર્ય પૂરું થવામાં છે અને તે ટૂંક સમયમાં પ્રગટ થશે. 'જૈન ગુર્જર કવિઓ ભાગ-૪' બહાર પડી ગયો છે.

## પરિસંવાદ અને જૈન સાહિત્ય સમારોહ

વર્ષ દરમિયાન પાલિતાણામાં નવમો જૈન સાહિત્ય સમારોહ યોજાયો હતો. "જૈન ગુર્જર કવિઓ" પ્રકાશન શ્રેણીના ઉપલક્ષ્યમાં 'મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય' વિષે અમદાવાદમાં એક પરિસંવાદ યોજાયો હતો. ઉપાધ્યાય યશોવિજય ત્રિશતાબ્દિના ઉપલક્ષમાં 'યશોવિજયજી: વ્યક્તિત્વ અને વાઙ્મય' વિષે પરિસંવાદ ૧ અને ૨ અનુક્રમે અમદાવાદ અને કોબા (જિ. ગાંધીનગર) માં પૂ. પન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજીની નિશ્રામાં યોજાયા હતાં, આ બધાં પરિસંવાદના પ્રા. જયંત કોઠારી સંયોજક હતા.

## ડિરેક્ટરશ્રી કોરાસાહેબ અને મહાપાત્ર

વિદ્યાલયના ડિરેક્ટર શ્રી કાંતિલાલ ડાહ્યાભાઇ કોરાએ ૫૦ વર્ષની દીર્ઘકાલીન સેવા બાદ વય અને તંદુરસ્તીના કારણે મુક્ત થવા ઇચ્છા દર્શાવી, જેનો વ્યસ્થાપક સમિતિએ સખેદ સ્વીકાર કર્યો, આમ છતાં 'શ્રી જિનાગમ ટ્રસ્ટ અને સાહિત્ય પ્રકાશનના માનાર્હ ડિરેક્ટર તરીકે એમણે સર્જનાત્મક કાર્ય નિજાનંદ ખાતર સ્વીકાર્યું'. વિદ્યાલયના મહામાત્ર (Registrar) તરીકે જાણીતા લેખક શ્રી પન્નાલાલ ર. શાહે તા. ૧-૨ ૧૯૮૮ થી જવાબદારી સંભાળી લીધી છે.

## મૂળભૂત નિયમો ધર્મ આરાધના

જિનપૂજા, રાત્રી-ભોજન ત્યાગ અને અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ વગેરે વિદ્યાલયના મૂળભૂત નિયમો છે અને તેના પાલનનો આગ્રહ રાખવામાં આવે છે. ઉપરાંત વિદ્યાર્થીઓ ધર્મ આરાધના પણ સ્વેચ્છાએ કરે છે. વર્ષ દરમિયાન ૨૧ વિદ્યાર્થીઓએ અઠ્ઠાઈતપની અને અન્ય વિદ્યાર્થીઓએ નાની-મોટી તપશ્ચર્યાનું આરાધન કર્યું હતું.

## અમૃત મહોત્સવ

યુગપુરૂષ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીએ આ સંસ્થાની સ્થાપનાની પ્રેરણા આપી અને ઈ. સ. ૧૯૧૫ માં આ સંસ્થાની સ્થાપના થઇ એટલે ઇ. સ. ૧૯૮૯માં આ સંસ્થાની સ્થાપનાનું પંચોતેરમું વર્ષ શરૂ થશે. ઇ સ. ૧૯૮૯ ૯૦ માં આ સંસ્થાના અમૃત મહોત્સવની ઉજવણી થશે તેમાં સમાજના અગ્રણીઓ, સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ અને અન્ય સૌ કોઇને ભાગ લેવા અને સંસ્થાના વિકાસમાં સહાયભૂત થવા સભાના પ્રમુખ, મંત્રીઓ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોષાધ્યક્ષો, ટ્રસ્ટીઓ અને હાજર રહેલા સૌ સભ્યોએ અનુરોધ કર્યો હતો.

[ક્રાઉન આઠ પેજી સાઈઝના આશરે ૪૦ પૃષ્ઠોમાં મંત્રીઓએ તૈયાર કરેલ વાર્ષિક અહેવાલ પરથી મહત્વના મુદ્દાઓનો સાર-સંચય]

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગસ્ટ ક્રાંતિ માર્ગ મુંબઈ-૪૦૦ ૦૩૬**

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઈ, અંધેરી અને પૂના તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીગૃહો છે. તેમાં નવા સત્રથી પ્રવેશ મેળવવા માટેના અરજી પત્રકો આપવાનું ચાલુ છે. દરેક વિદ્યાર્થીગૃહ માટે અલગ અરજીપત્રક ભરવું આવશ્યક છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીએ વિદ્યાર્થીગૃહમાં પાળવાના નિયમો અને ધારાધોરણ સાથેના અરજી-પત્રકની કિંમત રૂા. ૨/ +ટપાલ ખર્ચ રૂ. ૦-૫૦ પૈસા છે. ટ્રસ્ટ દાતા અને ભલામણ કરનારની સરનામા સહિત અલગ નામાવલિની કિંમત રૂ. ૨-૦૦ + ટપાલ ખર્ચ રૂ. ૦-૫૦ પૈસા છે.

જે શાખા વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવો હોય તેના સ્પષ્ટ નિર્દેશ સાથે ઉપરોકત સરનામે જરૂરી ટપાલ ટિકિટ ( પોસ્ટલ ઓર્ડર મોકલવા નહીં ) મોકલી નિયત અરજી પત્રક મંગાવી લેવાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી જે. આર. શાહે એક અખબાર જોગ યાદીમાં જણાવ્યું છે.

મુંબઈ, અમદાવાદ અને પૂનાના વિદ્યાર્થીગૃહો માટે અરજીપત્રકો મોડામાં મોડું તારીખ ૧૫-૬-૧૯૮૮ સુધીમાં ઉપરોક્ત સરનામે પહોંચતા કરવાનું એમણે જણાવ્યું હતું. ગુજરાત રાજ્યમાં આવેલ સંસ્થાના વિદ્યાર્થીગૃહોના અરજીપત્રકો ઉપરના સરનામે મોડામાં મોડા પહોંચતા કરવાની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે એમ એમણે ઉમેર્યું હતું.

# સમાલોચના

(૧) પ્રશમરતિ (વિસ્તૃત ગુજરાતી વિવેચન સહિત) (સંસ્કૃતમાં);
મૂળ લેખક વાચક શ્રી ઉમાસ્વાતિજી.
ગુજરાતીમાં વિવેચક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા,
પ્રકાશક. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાન્તિમાર્ગ મુંબઈ ૪૦૦૦૩૬.
પૃષ્ટ ૭૨૪ (ક્રાઉન આઠ પેજી),
મૂલ્ય ચાલીશ રૂપિયા.

(નોંધ આ પુસ્તકની સમાલોચના અમે ફેબ્રુ-૮૭માં આપેલ છે તે અહીં રજુ કરીએ છીએ

વાચક શ્રી ઉમાસ્વાતિ વિરચિત આ પ્રશમરતિ ગ્રન્થનું સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ કરેલા વિસ્તૃત વિવેચન સહિત પ્રકાશન કરવા બદલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ખૂબ ખૂબ ધન્યવાદ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ગ્રન્થનું સરળ ભાષાન્તર સહિત વિવેચન. સ્વ. મોતીચંદભાઇએ ૧૯૪૯-૫૦ માં લખેલું. તે આજ સુધી અપ્રકાશિત હતું. શ્રી મોતીચંદભાઈ સાચા ધર્મારાધક હતા. અને તેઓ જે કંઈ ધાર્મિક પુસ્તક વાંચતા તેનું ચિંતન-મનન કરી જીવનમાં ઉતારતા અને તે પછી તેનો લાભ જનસમૂહને મળે તે માટે વિસ્તારથી વિવેચન સહિત લખતા. દરરોજ સામાયિક કરવી અને કંઇક ધાર્મિક ચિંતન-મનન અને લેખન કરવું એવી તેમની નિયમિત કાર્યપ્રણાલીને કારણે તેઓનો સમય વ્યવસાયમાં રોકાયેલો હોવા છતા સમાજને મોટું ધાર્મિક-સાહિત્ય અને ધાર્મિક વિચારોનું વિવેચન-ગ્રંથોનું પ્રદાન કરી શકયા છે. તેઓશ્રી ધર્મ સાહિત્યનું ઊંડું જ્ઞાન ધરાવતા હોવાથી સુંદર અને સરળ ભાષામાં પોતાના વિચારોનું નિરૂપણ કરેલ છે. પ્રસ્તુત પુસ્તક તેમની વિદ્વત્તા, ધાર્મિક જ્ઞાન, અને વિચાર-લેખન કુશળતાની ગવાહી પુરે છે.

તેમણે સ્વહસ્તે કરેલી નોંધ ઉપરથી આ વિવેચન તેમણે ૧૯૫૦ માં પુરૂં કર્યું છે, અને ઈ. સ. ૧૯૫૧ માં તેમનું નિધન થયું છે એટલે આ તેમની છેલ્લી કૃતિ ગણાય.

પોતાનો વિષય વધારે સ્પષ્ટ કરવા અને વિષયનું મહત્વ સમજાવવા જરૂર મુજબ વિદ્વાન મુનિરાજોની પૂજા સંગ્રહ અને સજ્ઝાય વગેરેનો ઉલ્લેખ યથાસ્થાને કરેલ છે. જેમ કે આઠ ભેદની સજ્ઝાય (શ્રી માનવિજયજી) અશરણ ભાવના પં. ગંભીરવિજયજી, તથા શ્રી યશોવિજયજી મહારાજે લખેલી બત્રીશીઓમાંથી પણ તેમણે આધાર આપી પોતાના વિવેચનને સચોટ બનાવ્યું છે. પૂર્વના વિદ્વાન પૂજ્ય આચાર્ય મુનિવરોના સાહિત્યમાંથી તેઓએ કરેલા ઉલ્લેખો પરથી તેમનું કેટલું વિશાળ જ્ઞાન અને વાંચન હતું તે સમજી શકાય છે. તેમણે આવા ઘણાં પુસ્તકો આપી સમાજનું ઉત્તમ કાય કરેલ છે.

— કા. જ. જોશી

## ધન્ય છે ધર્મ તને !

પ્રવચનકાર : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી

પ્રકાશક :- શ્રી આત્માનંદ જૈન સભા મુંબઈ "ધન્ય છે ધર્મ તને !" નામનું આ પુસ્તક પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનોના હિન્દી પુસ્તક "વલ્લભ પ્રવચન"ના પ્રથમ ભાગનો ગુજરાતી અનુવાદ છે. આ અનુવાદ કાર્ય વિદ્વાન અને પ્રસિદ્ધ લેખક ડો. શ્રી કુમારપાળ દેસાઈની યશસ્વી કલમથી થયું છે.

પ્રાપ્તિ સ્થાન :- શ્રી આત્માનંદ જૈન સભા ૩૯/૪૧ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૪૦૦૦૦૩

કિંમત :- દશ રૂપિયા

પ્રકાશક અને લેખકને હાર્દિક અભિનંદન

— શ્રી હીરાભાઈ બી. શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પરમાનંદ પ્રત્યે

લેખક-સંપાદક :- શ્રી હરિલાલ મોહનલાલ. શાહ પ્રાપ્તિ સ્થાન ધી ગુજરાત ટયૂબ એન્ડ સેનિટરી સ્ટોર્સ ખાડિયા ચાર રસ્તા અમદાબદ ૧.

કોઈપણ મનુષ્ય આ પુસ્તક વાંચીને આર્થ સંસ્કૃતિને અનુરૂપ જીવન જીવીને સારો નાગરિક બની શકે છે. ખોટી ટેવો છૂટે છે અને સારી ટેવો પડે છે, ઘરના સૌ કોઇ રસપૂર્વક વાંચી શકે છે અને જીવનના ચારેય પુરૂષાર્થ-ધર્મ-અર્થ, કામ અને મોક્ષમાં ઉપયોગી સાત્વિક વિકાસની પ્રેરણા આપે છે,

અમૃત મહોત્સવ જેવા પ્રસંગને જ્ઞાનપ્રચાર તરીકે ઉજવવાની આ 'પુસ્તક પ્રકાશન' ની નવી પ્રથા પ્રંશસનીય અને અનુકરણીય છે.

સૂચના : આ પુસ્તક શ્રીમદ રાજચન્દ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા (જી. ગાંધીનગર) થી રૂા. ૧૨ બાર રૂપિયામાં મળી શકશે.

લેખક, સંપાદક અને પ્રકાશકને અભિનંદન

— શ્રી હી. ભા. શાહ

# સંસ્થા સમાચાર

## યુવા શક્તિ-સંશોધનનો ઉત્કૃષ્ટ પ્રયોગ એટલે વકતૃત્વ સ્પર્ધા

કોઈપણ સમાજની જીવાદોરી જાગૃત યૌવન અને સંસ્કારી યુવા પેઢી પર અવલંબિત છે સમાજની પ્રગતિ, ઉત્ક્રાન્તિ અને ક્રાન્ત ઉત્સાહી અને ચારિત્ર્યશીલ યુવા વર્ગ વિના શકય છે ખરી ? આજની યુવાપેઢી ઉત્સાહી તો છે, પરંતુ આ જમાનાની અસર કળીયુગની વિષમતા અને વૈચારિક માનસનો અભાવ યુવાનને ચારિત્ર્યશીલ સંસ્કારે સમૃધ્ધ અને ધાર્મિક સંસ્કારોથી સુશોભિત બનાવશે કે કેમ ? તે એક પ્રાણ પ્રશ્ન છે,

આ પ્રશ્નને જીવન પ્રશ્ન સમજી, નવી પેઢીનાં ઘડતરનું કાર્ય જ્ઞાની વડીલોનાં હાથમાં છે. તેમ માનનારી આપણી સહુની પરિચિત સંસ્થા જૈન આત્માનંદ સભા તરફથી અમર ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબનાં જીવન ચરિત્ર પર, સભાના હોલમાં તા. ૫-૭-૮૫ ના રોજ લેખિત પરીક્ષાનું સુસંસ્કૃત આયોજન કરવામાં આવ્યું હતું પરીક્ષા આપનારી યુવતીઓ-યુવાનોનો ઉત્સાહ, શિસ્ત અને પ્રતિભા જોઇને સભાના આયોજકોને આવી પરીક્ષાઓ વારંવાર યોજવાની પ્રેરણા મળી અને આ પ્રેરણાના ફલસ્વરૂપે યુવાશક્તિ સંશોધનના ઉત્કૃષ્ટ પ્રયોગ તરીકે એક સુંદર વકૃતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું કુમારી જયોતિબેનના સૂચનથી અને સહુની સંમતિથી સ્પર્ધાનો વિષય નક્કી થયો, "વર્તમાન યુગમાં શ્રીપાલ રાજા અને મયણાસુંદરીનું જીવન આપણને શું કહી જાય છે ?" ૧૮ વ્યક્તિના એન્ટ્રી ફોર્મ સભાને મળ્યા અને પછી તા. ૨૪-૪-૮૮ ને રવિવારે સ્પર્ધા યોજવામાં આવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉગતી ઉષાના સથવારે, સૂરજના સોનેરી કિરણોનાં અજવાળે સભાનો હોલ એક નવી તાજગી ઉત્સાહ અને આનંદથી શોભી ઉઠયો. સભાનાં મુખ્ય કર્મચારી અરવિંદભાઇ ખૂબ જ સુંદર રીતે સજાવેલા આ હોલમાં ૧૦-૩૦ કલાકે હીરાભાઇ શાહે સ્પર્ધાના બંને નિર્ણાયકો શ્રી નવીનભાઇ જે. શાહ અને કુમારી જ્યોતિ પી. શાહની ઉપસ્થિતિમાં તથા સભાનું માસિક આત્માનંદ પ્રકાશને વર્ષોથી પ્રસિદ્ધ કરનાર સાહિત્યપ્રેમી તંત્રી શ્રી કાંતિભાઈ દોશી, અતિથિ-વિશેષ શ્રી અરૂણભાઈ જોષી અને સંસ્થાને જીવંત રાખનાર કમીટી મેમ્બરોની હાજરીમાં કાર્યક્રમ શરુ કરવાનો આદેશ આપ્યો.

પ્રભુ ભક્તિનાં સુંદર અને ભાવભીનાં વાતાવરણમાં સ્પર્ધા શરૂ કરવા માટે કુ. જ્યોતિ પી. શાહ અને કુ. જાગૃતિ સી. દેશીએ સુંદર કંઠ સાથે વીરની સ્તુતિ અને સ્વાગત ગીત રજુ કર્યું. સંસ્થાના પ્રમુખશ્રીએ તરત જ પ્રાસંગિક પ્રવચનમાં આવી પ્રવૃત્તિઓનું ધ્યેય સુંદર રીતે સિધ્ધ કર્યું અને ત્યારબાદ હાજર રહેલા સ્પર્ધકોનું વકતવ્ય રજુ થયું

દસ બહેનો અને ચાર ભાઇઓએ નિડરતા, આત્મવિશ્વાસ સાથે સુંદર શૈલીથી શ્રીપાળ મયણાના જીવનના રહસ્યો રજુ કર્યા સ્પર્ધાને શોભાવતા શ્રોતાઓ વકતવ્ય સાંભળવામાં એવા તલ્લીન બન્યા હતા કે કેટલો સમય પસાર થયો ? તેનો પણ કોઇને ખ્યાલ ન આવ્યો.

સ્પર્ધકોના વકતવ્ય પછી શ્રી કાંતિભાઈ દોશીએ પોતાની આગવી સાહિત્યિક ભાષામાં ઉત્તમ પ્રવચન આપ્યું અને સભા દ્વારા પ્રકાશિત થએલ 'દ્વાદશાર નયચક્ર' ના ઉદ્ઘાટનનો પ્રસંગ સુંદર રીતે વર્ણવ્યો અને અંતમાં કહ્યું કે આવાં પુસ્તકોનાં વાંચકો તૈયાર કરવા માટે આવી સ્પર્ધા યોજવામા આવે છે.

તેઓશ્રીનાં પછી આજનાં કાર્યક્રમમાં અતિથિવિશેષ શ્રી અરૂણભાઈ જોષીએ હૃદયંગમ વકતવ્ય આપ્યું. તેઓએ જણાવ્યું કે આજનાં યુગની આ વિશેષતાં છે કે આવી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાઇઓ કરતાં બહેનોની સંખ્યા દરેક જગ્યાએ વધુ હોય છે શું આજનાં યુવાનોને સાહિત્ય સાથે કોઈ નિસ્બત નથી ?

અંતમાં બન્ને નિર્ણાયકોનાં પ્રવચન બાદ શ્રી નવીનભાઈએ નિર્ણય જાહેર કર્યો અને સભાના પ્રમુખશ્રીના હાથે પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામો આપી દરેક, સ્પર્ધકને શ્રી જંબુસ્વામી ચારિત્રનું પુસ્તક આપવામાં આવ્યું આ ઉપરાંત સ્વ. વનીતાબેન કાંતીલાલ સલોત C/o. નીતા સાડી સેન્ટર તરફથી દરેક સ્પર્ધકને એક સ્ટીલનો ગ્લાસ ભેટરૂપે આપવામાં આવ્યો. શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે નિર્ણય વધાવ્યો.

કાર્યક્રમની પુર્ણાહુતિમાં સભાના પ્રમુખશ્રીએ શ્રી અતિથિવિશેષશ્રીનો, બન્ને નિર્ણાયકોનો. ઉપસ્થિત શ્રોતાગણનો અને આ કાર્યક્રમ સફળ બનાવવામાં સાથ અને સહકાર આપનાર શ્રી સંજયભાઇ ઠારનો પણ આભાર માન્યો.

અને યુવાપેઢીમાં પડેલી સુષુપ્ત શક્તિનાં પરિચય પામી સહુ વિખરાયા.

| | આ સ્પર્ધાના વિજેતાઓ | ઇનામ રૂા. |
|---|---|---|
| ૧ | શ્રી મનીષ રસીકલાલ મહેતા | ૧૦૧-૦૦ |
| ૨ | શ્રી જીજ્ઞાબેન નવીનભાઈ શાહ | ૭૧-૦૦ |
| ૩ | શ્રી ઇલાક્ષીબેન ભુપતરાય મહેતા | ૫૧-૦૦ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્યાદ્વાદ અને વિજ્ઞાન

લેખક : **શ્રી નવીનભાઇ જે. શાહ (મેજર)**

આપણે અગાઉના અંકમાં જૈન ધર્મમાં સ્યાદવાદ/અનેકાંતવાદ અને અનિશ્ચિતતા તથા સાપેક્ષવાદ જેવા વૈજ્ઞાનિક સિદ્ધાંતોની તુલના જોઇ.

હવે આપણે બીજી કેટલીક વૈજ્ઞાનિક Thearies કલ્પનાઓ સ્યાદવાદને કેટલી મળતી આવે છે તે જોઇશુ.

આપણે જાણીએ છીએ કે પ્રકાશ એક શક્તિનું સ્વરૂપ છે. તેમજ પ્રકાશના કેટલાક નિયમો પરિવર્તન, વક્રીભવન, વ્યતિકરણ વિ. ઘટનાઓ જાણીતી છે. પરંતુ મૂળભૂત વાત, પ્રકશ શું છે? અલબત્ત આપણે તે જોઇ શકતા તો નથી જ. તેનું પરાવર્તનજ નિહાળીએ છીએ.

પ્રકાશ કણનો બનેલો છે કે તરંગનો તે વિષે મતમતાંતર પ્રવર્તે છે.

ન્યુટન એમ માનતો હતો કે પ્રકાશ અત્યંત નાના સૂક્ષ્મ કણોનો બનેલો છે તેને Neuton's Corpuscler the only light કહે છે, તે પ્રમાણે પ્રકાશ કણનો બનેલો છે.

હાઇજીનની Theory મુજબ પ્રકાશ Waves તરંગ/મોજાંઓનો બનેલો છે તેને waen theory of light કહે છે.

ઉપરોક્ત બન્ને વાદો પ્રકાશની અમુક અમુક ઘટનાઓ સમજાવી શકે છે. તે વિષે વિસ્તાર અપ્રસ્તુત છે.

આ બન્ને કોયડાનો ઉકેલ વૈજ્ઞાનિકોએ રમુજમાં ઉકેલ્યો છે. (વૈજ્ઞાનિકો પણ રમુજી હોય છે) તે મુજબ તમારે સોમ, બુધ અને શુક્રવારે પ્રકાશ કણનો બનેલો છે પણ મંગળ, ગુરૂ અને શનિવારે પ્રકાશ તરગોનો બનેલો છે તેમ માનવું. જ્યારે રવીવારે તમારે પ્રકાશ, કણ કે તરંગ? તમને ગમે તેમ માનવાની છૂટ છે! છે ને બરાબર સ્યાદવાદ વાદનો અદ્દભૂત પ્રતિપાદત કરતો સિદ્ધાંત.

બીજું ઇલેકટ્રોન કે જે પરમાણુનું નાનામાં નાનું અવિભાજિત અંગ છે. તે ઇલેકટ્રોન શું છે? કણ છે કે તરંગ? તે બાબત પણ અનિશ્ચીત છે. એટલે ઇલેકટ્રોન કણ-તરંગ, તરંગ-કણ તેમ બન્ને માનવામાં આવે છે. જ્યારે ઇલેકટ્રોન સ્થિર હોય ત્યારે તે કણ સ્વરૂપમાં અને ગતિ કરે ત્યારે તરંગ સ્વરૂપમાં છે એમ માનવું પડે છે. આમ ઇલેકટ્રોન કે જે પરમાણુની નાભિ આસપાસ અત્ર, તત્ર, સર્વત્ર ફર્યા કરે છે તે ઇલેકટ્રોન-કણ તરંગ, તરંગ-કણ એમ ત્રણેનો છે તેમ માનવું રહેતું-સ્યાદવાદ વાદની બીજી પ્રતિતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 31


# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પર્વ ૩-૪ પુસ્તકારે ( મૂળ સંસ્કૃત ) | ૫૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧ લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩ જો | ૮૪-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ | ૫૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧ લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫ ૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૪૦-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨ ૦૦ |
| અર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરુભક્તિ ગંહુલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |
| જંબૂસ્વામી ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર. (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only